# પ્રશ્નોત્તર વાહિની



ભગવાન શ્રી સાઈ બાબા


# પ્રશ્નોત્તર વાહિની

( આધ્યાત્મિક પ્રશ્નોના જવાબ )




## ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

### અનુવાદક : શ્રીમતી તરુ દેસાઈ



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | શરીર અને ઇન્દ્રિયો | ૦૫ |
| ૨ | ચૌદ લોક | ૧૦ |
| ૩ | ચાર આશ્રમો | ૧૨ |
| ૪ | મોક્ષ અને કર્મ | ૧૬ |
| ૫ | વિદ્યા અને ભક્તિ | ૧૯ |
| ૬ | મોક્ષમાં વિઘ્નો | ૨૩ |
| ૭ | પંચ કોષ | ૨૭ |
| ૮ | યોગ અને મોક્ષ | ૩૦ |
| ૯ | જ્ઞાન અને યોગ | ૩૨ |
| ૧૦ | બ્રહ્મ વિદ્યા અને સ્ત્રીઓ | ૩૪ |
| ૧૧ | આશ્રમો અને વર્ણો | ૩૬ |
| ૧૨ | શાસ્ત્રો અને સન્યાસ | ૩૯ |
| ૧૩ | મંત્ર અને જપ | ૪૪ |
| ૧૪ | તપસ | ૪૭ |
| ૧૫ | અષ્ટાંગ યોગ | ૫૧ |

# જવાબ

પ્રશ્નનો અર્થ 'સવાલ' થાય, ઉત્તરનો અર્થ ‘જવાબ' થાય અને વાહિની ‘પ્રવાહ' નું સૂચન કરે છે. આ પુસ્તક પ્રશ્નનોના પ્રવાહનું છે જેણે ભગવાન શ્રી સત્ય સાઇ બાબા પાસેથી જવાબો કઢાવ્યા છે તેનો સંગ્રહ છે. ભગવાને અવતાર ધારણ કરતી વખતે જે કાર્યો કરવાનું નક્કી કર્યું છે, તેમાંનું એક કાર્ય જેને તેઓએ મૂળ પાયાના કાર્ય તરીકે જાહેર કર્યું છે, જેને તેઓ, ‘માનવજાતિના આધ્યાત્મિક ધર્મ ગ્રંથોનું સ્પષ્ટિકરણ અને શુધ્ધિકરણ' કહે છે. દરેક વાહિની જે તેમનામાંથી ઉદભવી છે તેણે મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિના એક યા બીજા પાસાની સેવા કરવાનું કામ કર્યું છે.

વાહિનીની હારમાળામાંની આ આગલી હરોળની છે, કારણ તેમાં ધર્મના મૂળ બોધો અને વિચારોને અને તેમાં પણ ખાસ કરીને પારિભાષિક શબ્દો અને વિચારો જેને સાકાર કરવાની જરૂરિયાત છે તેને સમજાવ્યા છે. અત્યાર સુધી પ્રકાશિત થયેલી એક જ વાહિની, માત્ર ગીતા વાહિનીના પરિશિષ્ટ જેવી તે હતી. હવે તે બધી વાહિનીઓના વાંચનાર જીજ્ઞાસુઓ માટે મહત્વના પ્રકાશન તરીકે આવી ગઇ છે.

સનાતન ધર્મ, જે શાશ્વત જ્ઞાનનો માર્ગ છે, જેની માહિતી પછીના વારસોને શબ્દો દ્વારા અપાઇ રહી છે, તે માહિતીઓમાં સમયના વહેણની સાથે તથા ભાષ્યકારોના વિવાદોને કારણે ઘણી વિકૃતિઓ આવી છે; તેનું અવમૂલ્યન થયું છે તથા ભ્રમણાઓ અને અયોગ્ય અર્થઘટન થયા છે. જાતિ, આશ્રમ, યોગ, સન્યાસ, યજ્ઞ, કર્મ - આ બધાનું જુદા જુદા સંપ્રદાયો તથા પંથના આચાર્યોએ અને મીમાંસકોએ તેનું અર્થઘટન બહુ ગુંચવાડા ભરેલી રીતે અને વિરોધાભાસી વૃતાંતોમાં કર્યું છે.

ભગવાને આ ગુંચવાયેલા કોકડાને ઉકેલવાનો નિર્ધાર કર્યો છે. તેમના વિશિષ્ટ પ્રેમ તથા ધીરજે માત્ર જવાબોને જ નહીં પણ પ્રશ્નોને પણ મધુર બનાવ્યા છે. કારણ એમણે પ્રશ્ન પૂછનારની સ્થિતિમાં રહીને બધા સ્પષ્ટિકરણો સંપૂર્ણપણે લાભદાયી થાય તે રીતે સમજાવ્યા છે.

એન. કસ્તુરી,
સનાતન સાથીના સંપાદક,
૧૪- જાન્યુ. ૧૯૮૪.

# ૧

# શરીર અને ઇન્દ્રિયો

**પ્રશ્ન** :– આ માનવદેહ પંચતત્ત્વ કે પંચભૂતનો બનેલો છે. એમ શાથી કહેવામાં આવે છે ?

**ઉત્તર** :– એ માનવ શરીર પંચતત્ત્વોનું બનેલું છે એટલા માટે.

**પ્રશ્ન** :- આ પાંચ તત્ત્વો ખરેખર શું છે ?

**ઉત્તર** :- આકાશ, વાયુ (હવા), અગ્નિ, જળ (પાણી) અને પૃથ્વી.

**પ્રશ્ન** :- એ તત્ત્વો મૂળ ક્યાંથી ઉદભવ્યાં ?

**ઉત્તર** :- અનુક્રમે પ્રત્યેક તત્ત્વ તેના પુરોગામી - તેની પહેલાના તત્ત્વમાંથી ઉદભવ્યું.

**પ્રશ્ન** : તો એ પ્રથમ તત્ત્વના એટલે એ પાંચેના કારણ રૂપ મૂળ તત્ત્વ કયું ?

**ઉત્તર** : બ્રહ્મ, અપરિવર્તનશીલ, સ્થિર આધારરૂપ બ્રહ્મતત્ત્વ.

**પ્રશ્ન** : આ પાંચ તત્ત્વો અને માનવદેહ વચ્ચે ક્યા પ્રકારનો સંબંધ છે ?

**ઉત્તર** :- બ્રહ્મમાંથી यत्न *(effort)*અને महत् *(Cosmo)* ઉદભવ્યાં; એમાંથી આકાશનું સર્જન થયું, આકાશ માંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી પાણી અને પાણીમાંથી પૃથ્વીનો ઉદભવ થયો. માનવદેહ આ પાંચેના સમન્વયનું પરિણામ છે.

**પ્રશ્ન** :- આ તત્ત્વો માનવ દેહમાં કયાં સ્વરૂપે રહે છે.

**ઉત્તર** :- પ્રત્યેક તત્ત્વ પાંચ રીતે રૂપાંતર પામી એ સૌ દેહરૂપમાં આવિષ્કાર પામ્યાં છે.

**પ્રશ્ન** :- પ્રથમ તત્ત્વ આકાશ - એનાં કયાં પાંચ રૂપાંતરો થયાં ?

**ઉત્તર** :- એ છે - જ્ઞાતા, માનસ, બુદ્ધિ, અહંકાર, ચિત્ત.

**પ્રશ્ન** :- શરીરમાં- શરીરના અંતરગત રૂપ તરીકે એઓ શી રીતે વર્તાય છે ?

**ઉત્તર** :- તે અંતર્મુખ પાંચ ઇન્દ્રિયો તરીકે ઓળખાઈ આવે છે.

**પ્રશ્ન** :- હવે બીજું તત્ત્વ વાયુ - એનાં પાંચ રૂપો કયાં ?

**ઉત્તર** :- સમાન, વ્યાન, ઉદાન, પ્રાણ અને અપાન.

**પ્રશ્ન** :- અને શરીરમાં તે કયાં રૂપે ઓળખાય છે ?

**ઉત્તર** :- પાંચ પ્રાણો- પાંચ શક્તિરૂપ વાયુ તરીકે.

**પ્રશ્ન** :- અને શરીરમાં અગ્નિના પાંચ સ્વરૂપો કયાં ?

**ઉત્તર** :- એમાંથી પાંચ ઈન્દ્રિયો થઈ : કર્ણ, ત્વચા, ચક્ષુ, જીભ અને નાસિકા.

**પ્રશ્ન** :- અને તેઓને કયાં નામે ઓળખાવવામાં આવે છે ?

**ઉત્તર** :- તે જ્ઞાનેન્દ્રિયો તરીકે ઓળખાય છે.

**પ્રશ્ન** :- જલ - પંચક - પાણીના જે પાંચ રૂપો થયાં તે વિષે મને કહો.

**ઉત્તર** :- એ છે - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

**પ્રશ્ન** :- તેઓને કોઈ વિશિષ્ટ નામે ઓળખાવવામાં આવે છે ખરાં ?

**ઉત્તર** :- હા, તેઓને પંચ તન્માત્રાઃ તરીકે ઓળખાવવામાં આવે છે.

**પ્રશ્ન** :- પંચતત્ત્વમાં પૃથ્વી તત્ત્વ બાકી રહ્યું...એ તત્ત્વ શરીરમાં કયાં સ્વરૂપે દેખાય છે ?

**ઉત્તર** :- વાગ્યંત્ર, હાથ, પગ, જનનેન્દ્રિય અને બહિર્વાહિની ઇન્દ્રિયોના રૂપમાં.

**પ્રશ્ન** :- અને તે કયાં નામે ઓળખાય છે ?

**ઉત્તર** :- તે કર્મેન્દ્રિયો તરીકે ઓળખાય છે.

**પ્રશ્ન** :- માનવદેહને પંચતત્ત્વના બનેલાં એક જ રૂપ તરીકે ઓળખાવવાને બદલે વેદાંતીઓ તેને અનેક રૂપ - જુદાં જુદાં એકમોના વિવિધરૂપ સર્જન તરીકે ઓળખાવે છે એ બરાબર છે ?

**ઉત્તર** :- "અનેક"નું અસ્તિત્વ જ નથી; પણ મૂળ રૂપો છે - કેટલાક કહે છે કે ચાર છે.

**પ્રશ્ન** :- હા ! એ શું છે ? બીજું અને ચોથું - એવાં એ રૂપો કયાં નામથી ઓળખાય છે ?

**ઉત્તર** :- સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ - કેટલાક મહા કારણ દેહ પણ છે એમ માને છે.

**પ્રશ્ન** :- સ્થૂળ દેહ ખરેખર શું છે ?

**ઉત્તર** :- સ્થૂળ દેહ એટલે મેં આગળ ગણાવેલા ૨૫ મૂળતત્ત્વરૂપ પરિણામોનું એકીકરણ - એ તત્ત્વમય સર્જન.

**પ્રશ્ન** :- તો સુક્ષ્મ દેહ એટલે શું ?

**ઉત્તર** :- પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ તન્માત્રાઓ, પાંચ પ્રાણતત્ત્વો, માનસ અને બુદ્ધિ એ ૧૭ મળીને સૂક્ષ્મ દેહ બને છે.

**પ્રશ્ન** :- એને સૂક્ષ્મ દેહ માત્ર કહેવા ખાતર કહેવામાં આવે છે કે પછી એ સાથે કોઈ બીજો અર્થ જોડાયેલો છે ?

**ઉત્તર** :- છે જ. એને તેજસ્ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**પ્રશ્ન** :– અને એ કોઈ ખાસ અવસ્થા સાથે જ સંબંધ ધરાવે છે એમ ખરું ?

**ઉત્તર** :- હા, અવશ્ય.

**પ્રશ્ન** :- તે અવસ્થા કઈ ?

**ઉત્તર** :- તે છે સ્વાપ્નાવસ્થા.

**પ્રશ્ન** :- તમે એમ કહેવા માગો છો કે સ્થૂળ દેહને કોઈ ખાસ અવસ્થા સાથે સંબંધ નથી ?

**ઉત્તર** :- ના, ના ! એવું નથી. એ પણ અમુક એક અવસ્થા વડે અંકિત છે જ.

**પ્રશ્ન** :- એને કઈ અવસ્થા કહેવામાં આવે છે ?

**ઉત્તર** :- જાગૃતાવસ્થા.

**પ્રશ્ન** :- આ કારણ (*Causal*) દેહ શું છે ?

**ઉત્તર** :- એમાં ચિત્ત (*Consciousness*) નું જ્ઞાતા સાથે - જ્ઞાનના સિદ્ધાંત સાથે સંયોજન છે - ચિત્ત જ્ઞાન વડે સભાન છે.

**પ્રશ્ન** :– એને શું કહેવામાં આવે છે ?

**ઉત્તર** :- પ્રજ્ઞા.

**પ્રશ્ન** :- અને અવસ્થા ?

**ઉત્તર** :- અવસ્થા છે સુષુપ્તિ - ગાઢ નિદ્રા.

**પ્રશ્ન** :- પરમ કારણ દેહ કે મહા કારણ દેહનો શો અર્થ કરવામાં આવે છે તે પણ મને કહો.

**ઉત્તર** :- જે જાગૃતાવસ્થા એક અને અખંડ, પરમ પવિત્ર અને સ્વયં સંપૂર્ણ છે અને જેનો કોઈ પણ તત્ત્વ સાથે સંયોગ કે સંબંધ નથી. જે શાશ્વત સાક્ષીરુપ અને સ્વયં પ્રકાશિત છે તેનો મહા કારણ દેહ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

**પ્રશ્ન** :- બીજાની જેમ તેને કોઈ ખાસ નામ આપવામાં આવ્યું છે ?

**ઉત્તર** :- હા, તે હિરણ્યગર્ભ કહેવાય છે.

**પ્રશ્ન** :- અને એ અવસ્થા ?

**ઉત્તર** :- એ કોઈ પણ અવસ્થા, જાગૃતાવસ્થાથી પણ પર છે અને તેથી એને અક્ષર પુરુષ કહેવામાં આવે છે.

**પ્રશ્ન** :- હવે ફરી સ્થૂળ દેહ ઉપર આવીએ. પંચતત્ત્વના સમન્વયને પરિણામે કઈ વિશિષ્ટ કૃતિઓ - રચનાઓ આકાર લે છે કે જે વડે એ સ્થૂળ દેહનું રૂપ ઘડાય છે.

**ઉત્તર** :- એનું સ્વરૂપ પૃથ્વી, અસ્થિ, ત્વચા, સ્થાયુ, રક્તવાહિનીઓ અને કેશનું છે.

**પ્રશ્ન** :- એમાં જળ - પાણીરૂપ શું છે ?

**ઉત્તર** :- રક્ત, મૂત્ર, મુખરસ, કફ અને બુદ્ધિ કે મસ્તિષ્ક.

**પ્રશ્ન** :- અગ્નિમાંથી શું બન્યું ?

**ઉત્તર** :- જઠરાગ્નિ (ક્ષુધા), તૃષા, નિદ્રા, પ્રમાદ, ભેરુબંધી.

**પ્રશ્ન** :- વાયુ તત્ત્વનું શું બને છે ?

**ઉત્તર** :- પ્રવૃત્તિ, ચાંચલ્ય, ગતિ, શરમ, ભય.

**પ્રશ્ન** :- એમ જ શરીરમાં અવકાશતત્ત્વ પણ કોઈના કોઈ પરિણામ માટે કારણભૂત હશે જ.

**ઉત્તર** :- અવશ્ય, વાસના, ક્રોધ, લોભ, અહંકાર અને અસૂયા માટે એ કારણભૂત છે.

**પ્રશ્ન** :- માનવીને અનેક પ્રકારના શ્રમ પડે છે. એના દેહઘડતરની એના શ્રમ, વ્યવસાય કે પ્રવૃત્તિ પર કંઈ અસર થાય છે ખરી ?

**ઉત્તર** :- તમારા મનમાં કંઈક શંકા રહી ગઈ લાગે છે. અરે આ સ્થૂળ લક્ષણોના ઢગલા જ એના સર્વ ઉદ્વેગ અને બેચેનીના કારણરૂપ છે.વ્યવસાયવૃત્તિઓ પણ અનેક હોવાનો ભાસ થાય છે પણ

હકીકતમાં તે ઘણી ઓછી છે.તે માત્ર ચાર પ્રકારની છે અને તેને વાસનાવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રશ્ન** *:-* એ ચાર વાસનાઓ કઈ છે *?*

**ઉત્તર** *:-* દેહ*,* મન*,* વિલાસ અને કામ *(lust).* એ વૃત્તિઓના અનેક નામરૂપો છે પણ અંતમાં તે બધી આ ચાર ઉપર જ આધારિત છે.

**પ્રશ્ન** *:-* માનવી અભિમાનમાં અંધ બની હવાતિયાં મારતો રહે છે. પણ જે અહંકાર એને આગળ વધવા પ્રેરી રહે છે તે ખરેખર શું છે *?* અહંકારના કેટલા પ્રકારો છે *?*

**ઉત્તર** *:-* અહંકારના ચાર પ્રકાર છે *:* કુળનું અભિમાન, ધનનું અભિમાન, જોબનનું અભિમાન, અને વિદ્વતાનું અભિમાન. એના બીજાં પણ રૂપો છે પણ તે સર્વ ઉપરના કોઈ એક વર્ગમાં આવી જાય છે.

---

# ૨

# ચૌદ લોક

**પ્રશ્ન** :- મેં સાંભળ્યું છે કે માનવદેહમાં સર્વ ભુવનો રહેલાં છે. કેટલીક અનુભવી વ્યક્તિઓ અને શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતા વિદ્વાનો આમ કહે છે તો શું એ સાચું છે ? એ સર્વલોક - ભુવનો શું છે અને તે ક્યાં આવેલાં છે.

**ઉત્તર** :- હા એ સપ્તલોક છે. ભૂ-લોક જેનું સ્થાન પગ છે; ભૂવઃ-લોક જનનેન્દ્રિયોમાં, સુવઃ-લોક નાભિમાં, महर-लोक અંતરમાં, जन-लोक કંઠમાં, तपोलोक મધ્યે અને सत्यलोक મસ્તકને તાળવે. આ સર્વ ઊર્ધ્વલોક કહેવાય છે અને તે માનવદેહમાં રહેલાં છે. આ ઉપરાંત બીજું નીચલી કક્ષાના ભુવનો પણ છે.

**પ્રશ્ન** :- એ અન્ય ભુવનો ક્યાં આવ્યાં અને તે ક્યાં વસે છે ?

**ઉત્તર** :- अतलम् - પગની પાનીએ, वितलम् - નખમાં, सुतलम् - પગની એડીમાં, तलातलम् - નિતંબમાં, रसतलम्- ઘૂંટણમાં, महातलम् - જાંઘ પ્રદેશમાં અને पातालम् - ગુદામાં.

**પ્રશ્ન** :- પંચતત્ત્વના બનેલાં આ માનવશરીરમાં સર્વ ભુવનો હોય તો પછી સપ્તસમુદ્ર - પુરાણકથાઓમાં આવતા સાત સમુદ્રો કયાં ગયા ? શું એ પણ માનવીના દેહ કે મનમાં રહેલાં છે ?

**ઉત્તર** :- દેહ જ્યારે સર્વ ભુવનોનું નિવાસસ્થાન છે ત્યારે સપ્તસમુદ્રો જુદા શી રીતે રહી શકે ભલા ? તે પણ દેહમાં જ છે. લવણ કે ક્ષિરસાગર (પેશાબ), શેરડી - રસસાગર (પ્રસ્વેદ), સુરા (મદ્ય) સાગર (ઈંદ્રિયો), ઘૃતસાગર (વીર્ય), દધિસાગર (કફ), દૂગ્ધસમુદ્ર (મુખરસ) અને શુદ્ધોદક સાગર (અશ્રુ).

**પ્રશ્ન** :- તમે અનેક પ્રકારના અગ્નિની વાત કરી; તે શું છે અને કયે કયે નામે ઓળખાય છે ?

**ઉત્તર** :– તે પંચાગ્નિ કહેવાય છે કારણ તે પાંચ છે : કાલઅગ્નિ- કાળરૂપ અગ્નિ, ક્ષુધાગ્નિ - ભૂખરૂપી અગ્નિ, શીતાગ્નિ - હિમરૂપ અગ્નિ, કોપાગ્નિ- ક્રોધરૂપી અગ્નિ, અને જ્ઞાનાગ્નિ - જ્ઞાનરૂપ અગ્નિ.

**પ્રશ્ન** :- એ સૌ ક્યાં વસે છે ?

**ઉત્તર** :- પગ, નાભિ, ઉદર, લોચન અને અંતરમાં.

**પ્રશ્ન** :- આ સિવાય વિવિધ પ્રકારના નાદો વિષે પણ મેં સાંભળ્યું છે.

**ઉત્તર** :- હા, નાદ - ધ્વનિ એ પણ છે.

**પ્રશ્ન** :- શું તે પણ દેહમાં જ છે ? તે કેટલા પ્રકારના છે અને કયે કયે નામે ઓળખાય છે ?

**ઉત્તર** :- તે દશ પ્રકારના છે અને સર્વ સ્થૂળ શરીરમાં જ રહેલા છે : લલદિઘોષ, ભેરિનાદ, ચન્નિનાદ, મૃદંગનાદ, ઘંટનાદ, કલનાદ, કિંકિણીનાદ, વેણુનાદ, ભ્રમરનાદ અને અંતમાં પ્રણવનાદ. આ નાદ કે ધ્વનિના પ્રકારો છે.

**પ્રશ્ન** :- પંચતત્ત્વના બનેલા આ શરીરમાં સર્વ સર્જનલીલા આવી જતી હોય તો પછી અંડ - અંડ, પિંડ - અંડ અને બ્રહ્મ - અંડ શું છે ?

**ઉત્તર** :- અંડ - અંડ એટલે આ સર્વ સર્જન - પ્રકૃતિ જે પરિવર્તનશીલ હોઈ ઉત્ક્રાંતિ અને આંતર પરિવર્તનને આધીન છે, જે ચલિત અને સ્થિર છે. પિંડ - અંડ એ દ્વૈતભાવ કે દર્શનના સિદ્ધાંતનો નિર્દેશ કરે છે - દર્શક અને દ્રશ્ય, કર્તા અને કૃત્ય વગેરે. જન્મકર્મના સિદ્ધાંત અનુસાર મળતો પૂનર્જન્મ એ દ્વૈતનો સૂચક છે. બ્રહ્માંડ એટલે મહાભૂતોનો સમન્વય; પંચતત્ત્વોમાં વસતાં પરિબળોની એકરૂપતા : અવકાશલક્ષી આત્મા, વાયુસંબંધ્ધ જીવાત્મા, અગ્નિમાંથી ઉદભવતો પ્રત્યાગાત્મા, જલતત્ત્વ સાથે સંયોજિત ચૈતન્યબ્રહ્મ અને ધરણી - પૃથ્વીતત્ત્વ સાથે સંલગ્ન પરમાત્મા એ સર્વ બ્રહ્માંડનું રૂપ છે. પંચતત્ત્વોને પ્રવૃત કરનારું -રાખનારું એ પરિબળ છે, અને તેઓની પેલે પાર, તેઓથી પર અવ્યક્ત બ્રહ્મ રહેલો છે કે જે જોઈ શકાતો નથી.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આ કઠીન વિષય હું સ્પષ્ટપણે સમજી શક્યો નથી. કૃપા કરી સામાન્ય દ્રષ્ટાંતોની સહાયથી મને એ બરાબર સમજાવો.

**ઉત્તર** :- તો જુઓ : અંડ - અંડ એ આંખની કીકીનો કાળો ભાગ છે. પિંડ - અંડ એ તેની અંદરનું નાનું વર્તુળ છે અને બ્રહ્માંડ એ તેમાં ચમકતો પ્રકાશ છે. એ પ્રકાશની ભવ્યતા - ઓજસ્વિતા એ ખૂદ બ્રહ્મ છે.

---

# ૩

# ચાર આશ્રમો

**પ્રશ્ન** :- આ પ્રકૃતિમય માનવદેહધારી માટે કયો ધર્મ શ્રેષ્ઠ છે ? એ ધર્મ પાલનમાં સૌથી વધારે સહાયભૂત આશ્રમ કયો ગણાય ? બધાં મળી કેટલાં આશ્રમો છે ?

**ઉત્તર** :- આશ્રમો ચાર છે. જો તમે એ વિષે જાણતા હો તો તમે પોતે જ તમારી સિદ્ધિ, પ્રગતિ અને પસંદગીને આધારે કયો આશ્રમ તમારે સફળ અને સિદ્ધ કરવાનો છે એ વિષે નિર્ણય કરી શકો. ચાર આશ્રમો છે - બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સન્યાસ.

**પ્રશ્ન** :- બ્રહ્મચર્ય શબ્દની અને જીવનના જે કાળનું એ નિર્દેશન કરે છે તેની જુદી જુદી વ્યક્તિઓએ ભિન્ન ભિન્ન વ્યાખ્યા કરી છે. મારે આપની પાસે એ કક્ષાના માહાત્મ્ય વિષે જાણવું છે.

**ઉત્તર** :- ભલે ! એમ માનવામાં આવે છે કે જે સૌ ગૃહસ્થ બન્યા નથી તેઓને પોતાની જાતને બ્રહ્મચારી તરીકે ઓળખાવવાનો અધિકાર છે, આ સદંતર જૂઠું છે. જેઓ આ માયાવી જગતથી મન વડે વિરક્ત છે, જેઓ સર્વદા પરમાત્માના ચિંતનમાં મગ્ન છે, જેઓ માત્ર મનોરંજન માટે કશું જ જોતા કે સાંભળતા નથી, જેઓ શુભ આદર્શની સિદ્ધિ માટે - સાત્ત્વિક રસસિદ્ધિ માટે કામ કરે છે, જેઓ આનંદ કે શોકથી આસક્ત બનતા નથી - તેને આધીન થતા નથી, બ્રહ્મતત્ત્વના અખંડ અને અવિરત ધ્યાનમાં લીન રહી જેઓ પોતાના મન, બુદ્ધિ અને ચૈતન્યને સર્વદા કુશાગ્ર અને સચેત રાખે છે તેઓ જ માત્ર પોતાને બ્રહ્મચારી તરીકે ઓળખાવવાને યોગ્ય છે.

**પ્રશ્ન** :– ગૃહસ્થનો સાચો અર્થ શું થાય ?

**ઉત્તર** :- લગ્ન કરી પત્ની અને બાળકો સાથે રહેવું એમાં, ઘણા માને છે તેમ ગૃહસ્થાશ્રમ આવી જતો નથી. પોતાના વર્ગ અને સ્થાન અનુસાર વ્યક્તિનો જે ધર્મ છે - તેની જે ફરજ છે - તેનો ત્યાગ કર્યા વિના એણે સર્વને સમાન દ્રષ્ટિએ જોવાં જોઈએ; આપ્તજનો અને બીજાં સૌ કોઈ વડીલોના અધિકાર અને નાનેરાંઓના કર્તવ્ય વિષે તેને પૂરતું જ્ઞાન હોવું જોઈએ; તેણે સહાનુભૂતિ રાખી અન્યને સહાય કરવા સર્વદા તત્પર રહેવું જોઈએ; જે સૌ તેના આશ્રિત હોય તેઓ સાથે એણે પ્રેમયુક્ત કોમળતાથી વર્તવું જોઈએ; વિશ્વના – જીવનના પ્રત્યેક અનુભવને પરિણામે એનું જ્ઞાન વધતું જવું જોઈએ; તેણે શાસ્ત્રોનો અભ્યાસ અને પરિચય સાધી અધર્મથી દૂર રહી હંમેશાં ધર્મકાર્ય પ્રત્યે જાગૃત રહેવું જોઈએ; તેણે પોતાનાં બાળકો અને પત્નીના પોષણ અને રક્ષણની જવાબદારી સ્વીકારવી જોઈએ; આઠ પ્રકારના અહમભાવ જે કુટુંબની મહત્તાના વૈભવના ચારિત્ર્યના, સૌદર્યના, યુવાનીના, વિદ્વતાના, વતનના અને આકરી તપશ્ચર્યાના ખ્યાલમાંથી જન્મે છે તેને ઊગતાં જ કચડી નાંખવા જોઈએ. સ્થૂળ વૈભવ ગમે એટલો હોવા છતાં તેના અભિમાન વિના હમેશાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના લક્ષ્ય પ્રત્યે

સજાગ રહેવું, દિવસનો થોડો સમય પણ અન્યની સેવામાં ગાળવો, બીજાની ગૃહસંપત સામે બુરો ઈરાદો રાખી નજર પણ ન કરવી, પત્નીનો વિશ્વાસ સંપાદન કરી અને વિશ્વાસુ પત્ની મેળવ્યાનું ભાગ્ય સમજી પ્રત્યેક એકબીજાના વિચારો સમજી અન્યોન્યમાં સંપૂર્ણ શ્રદ્ધા સ્થાપી જીવન વ્યતીત કરવું વગેરે ઘટનાઓમાં સાચો ગૃહસ્થ આવિષ્કાર પામે છે; દ્રશ્યમાન થાય છે.

**પ્રશ્ન** :- તો વાનપ્રસ્થનો શું અર્થ થાય છે ?

**ઉત્તર** :- એ કક્ષાએ માનવીને દ્વૈતભાવ અસત્ય અને આધારહીન છે એવી અનુભૂતિ થાય છે. તે સર્વ તૃષ્ણાનો ત્યાગ કરે છે; જગત પ્રત્યેની આસક્તિથી મુક્ત થાય છે; સમૂહમાં કે મેદની વચ્ચે વસવાનું એને ગમતું નથી; મંત્રજપ દ્વારા વિજય પ્રાપ્ત કરવા તે ઉત્સુક બને છે અને કઠીન ત્યાગયુક્ત જીવન અપનાવે છે - એટલે કે કાચો ખોરાક ખાસ કરીને ફળફળાદિના અલ્પાહાર ઉપર જીવે છે; તે સાધુ સન્યાસી અને મહર્ષિઓના સહવાસમાં ફરતો રહે છે; તેઓના ઉપદેશનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી સમજી લઈ તે પ્રભુપ્રાપ્તિને પંથે અડગતાપૂર્વક આગળ વધ્યે જાય છે. વાનપ્રસ્થી જ્યારે એકાંતવાસ માટે ઘરનો ત્યાગ કરે છે ત્યારે તેણે તેની પત્નીની સંમતિ મેળવવી જરૂરી છે, એટલું જ નહિ પણ સાધના અર્થે એ પ્રસ્થાન કરે ત્યારે તેના બાળબચ્ચાંના ભરણપોષણ માટે યોગ્ય વ્યવસ્થા કરવાનું પણ અવશ્યક છે. જો પત્ની તેને સાથે આવવા - તેને પગલે ચાલવા તત્પર થાય તો એ આધ્યાત્મિક પ્રવાસમાં તેણે એને સાથે રાખવી જોઈએ. એ ક્ષણ પછી તેઓએ બંધુભગિની જેમ રહેવું જોઈએ. આ નવો સંબંધ જો સ્થાપી શકાય તો ગૃહજીવન પણ વાનપ્રસ્થાશ્રમ બની જાય છે. એથી ઊલટું જો પૂર્વાશ્રમ જેવું જ જીવન જીવવાનું હોય તો વનવગડે જઈ વસવાથી કંઈ દહાડો વળતો નથી અને વાનપ્રસ્થી થવાનું નથી. વાનપ્રસ્થીએ કદી પરીણિત ગૃહસ્થોના નિવાસસ્થાને રોકાવું જોઈએ નહિ. વર્ષની પ્રત્યેક ઋતુઓને અનુલક્ષી જે નીતિનિયમો ઘડવામાં આવ્યાં હોય છે તેનું તેણે યથાર્થ પાલન કરવું જોઈએ. તેણે ઋતુ અનુસાર વર્ષા, ઉષ્ણતા અને શિયાળાનો સામનો કરવા શક્તિમાન બનવું જોઈએ. મનના ચાંચલ્યને પરિણામે સ્થૂળ આનંદમાં ખેંચાઈ ન જવાય એ સામે તેણે સજાગ રહેવું જોઈએ. તેણે માત્ર પરમાત્માના ધ્યાનમાં, તેની ભવ્યતાની કલ્પનામાં રત રહી તેમાં જ આનંદ માણવો જોઈએ.

**પ્રશ્ન** :- સન્યાસ એટલે શું ?

**ઉત્તર** :- સર્વ વૃત્તિઓના આનંદભાવથી સન્યાસ પર છે- ઉચ્ચત્તર છે. સન્યાસીને મન પરમાત્માનું ધ્યાન પ્રાણદાયક શ્વાસોચ્છવાસ બરાબર છે. એના માત્ર અસ્તિત્ત્વ માટે પ્રભુનું ધ્યાન અનિવાર્ય આવશ્યકતા બની રહે છે, અને માત્ર પરમાત્માના ધ્યાનમાં જ એને જીવનનો આનંદ મળે છે. વૈભવ અને આપ્તજનો, સ્નેહ અને આસક્તિ એ બધું માત્ર ક્ષણિક હોઈ તેનો ક્ષય અને અંત નિશ્ચિત છે એ વાતનું એ જ્ઞાન ધરાવે છે. સ્થાનભેદ અને ઉપનયન સંસ્કાર જેવાં બાહ્ય સંકેતચિહ્નો પણ એ ફગાવી દે છે. તે તપસ્વીને યોગ્ય એવાં ભગવાં વસ્ત્રો ધારણ કરે છે, ગાઢ વસતી હોય એવાં સ્થાને તે રહેતો નથી, જે કંઈ થોડો ઘણો ખોરાક મળી શકે તે ઉપર એ જીવે છે, જ્યાંથી ખાવા માટે કશું ન મળે એવા સ્થાનની એ નિંદા કરતો નથી, તે એક જ સ્થાને બે વાર ભોજન કરતો નથી તેમ લાગલગાટ બે દિવસ એક સ્થાને

સૂતો નથી, તે નિદ્રા અને આહારના પ્રલોભનને વશ થતો નથી. ઋતુઓની ક્રૂરતાને એ ગણકારતો નથી. પોતાના ધ્યાન દ્વારા જે પરમાત્માનું આવાહન કરે છે તેના સંગાથમાં તે સર્વદા આનંદમય રહી સુખનો અનુભવ કરે છે.

**પ્રશ્ન** :- આજના સમયમાં ભગવો ઝભ્ભો પહેરી પોતાને સન્યાસી ગણાવતા અનેક લોકો ફરતા નજરે પડે છે, શું તેઓ બધા તમે ગણાવેલા ગુણધર્મો ધરાવે છે ?

**ઉત્તર** :- એ દ્રષ્ટિએ યોગ્યતા ધરાવતા માનવીઓની ખોટ તો નથી જ. પણ સર્વ કોઈ સારા અને સરખા છે એમ કહી શકાય નહિ.

**પ્રશ્ન** :- કેટલાક સન્યાસીઓ એવા છે કે જેઓ આશ્રમો સ્થાપી દુન્યવી વાતાવરણમાં, સ્થૂળ સંપત્તિને આશરે જીવે છે અને લૌકિક વૈભવ અને સત્તા માટે મહા પ્રયત્ન કરતા હોય છે. એઓ વિષે શું માનવું ?

**ઉત્તર** :- સાચા સન્યાસ અને મનોરથો પ્રત્યેની અનાસક્તિ માટે તમે કહો છો એવી આશ્રમ સંસ્થાઓ અવરોધરૂપ બની રહે છે. જેઓ માટે સર્વ પ્રકારના લૌકિક વ્યવસાયનો ત્યાગ જરૂરી છે. એઓ માટે આશ્રમ ચલાવવાનું અને તેના વિકાસ અને પ્રગતિનું કાર્ય મૂળ ધ્યેય માર્ગમાં અવરોધ ઊભો કરે છે, એવા સન્યાસીઓને કયા નામે ઓળખવા એ કહેવાની હું જરૂર જોતો નથી. હું માત્ર એટલું કહીશ કે તેઓ 'સન્યાસી'ના બિરૂદને યોગ્ય નથી.

**પ્રશ્ન** :- સ્વામીજી ! જે આશ્રમસંસ્થાનો વિકાસ અને તેનું કાર્ય અમારા જેવા સામાન્ય માનવીને 'મુક્તિ'નો મર્મ સમજાવે છે તેને બંધનકર્તા શી રીતે ગણાવી શકાય ? અને દ્રવ્ય સિવાય આશ્રમો ચાલે શી રીતે ? જે સહાય સ્વેચ્છાએ આપવામાં આવતી હોય તે સ્વીકારવી એમાં કંઈ ખોટું તો ન જ કહેવાય એવું મને લાગે છે.

**ઉત્તર** :- ભલા માણસ ! તિજોરીનું તાળું તોડી ઝવેરાત ઉપાડી જવામાં આવે તો એ ચોરી કહેવાય, દિવાલ તોડી લઈ જવામાં આવે તો એ ચોરી ગણાય, અને ધોળે દિવસે મીઠી મીઠી ભાષા વાપરી તમને તમારું જરઝવેરાત આપી દેવા મનાવી લેવામાં આવે એ પણ ચોરી - ચોરી ને ચોરી જ છે. સન્યાસી દ્રવ્ય પર નજર કરે - પછી ભલે એનો હેતુ ગમે એ હોય - તો તે આધ્યાત્મિક પ્રગતિમાં હાનીકારક નીવડે છે. કોઈ વિશ્વાસુ સાધકને આ કામ સોંપી સન્યાસીએ માત્ર નિસ્પૃહી સાક્ષી બની રહેવું જોઇએ. જેઓ આશ્રય શોધતા આવે છે, તેઓને આધ્યાત્મિક સહાય અવશ્ય મળે એ જોવાનો એનો ધર્મ છે - આશ્રમના વિકાસ અને સમૃદ્ધિમાં સહાયભૂત થવાનો નહિ. આશ્રમનાં વિકાસની કામનારૂપ નાની જ્યોત સ્વાર્થલક્ષી અહમભાવની આગમાં પરિણમશે અને સન્યાસીમાં જે કંઈ પ્રશંસાપાત્ર છે તે અને ખાસ તો તેનો આત્માનંદ એમાં બળીને ભસ્મ થઈ જશે. એ આગ માત્ર સન્યાસીનો જ નહિ પણ માર્ગદર્શન માટે તેના ઉપર આધાર રાખતા સર્વ કોઈનો નાશ કરશે. 'હું' અને 'મારું' એવો મમત્ત્વભાવ સર્વનાશ નોતરનારા અગ્નિના તણખા સમાન છે. જે માર્ગદર્શકો, ઉપદેશકો આ સર્વથી મુક્ત છે તેની

સાથે માનવીએ સહચર્ય કરવું જોઈએ. પણ જ્યાં “આશ્રમ” મુખ્ય ધ્યેય બન્યું ત્યાં એ કહેવાતા ઉપદેશકે માનવી સાથે સહચાર સાધવો પડે છે. જે થવું જોઈએ તે એથી ઊલટું છે. તેણે વિશ્વ ઉપર આધાર રાખવો જોઈએ નહિ, સર્વ પ્રકારના અવલંબનથી તે મુક્ત હોવો જોઈએ. સન્યાસીનું એ સાચું લક્ષણ છે.

# ૪

# મોક્ષ અને કર્મ

**પ્રશ્ન** :- કેટલાક અવધૂતોની વાત કરે છે. કોણ અવધૂત કહેવાય છે અને તેઓના ગુણધર્મ શા છે ?

**ઉત્તર** :- વાનપ્રસ્થી અને સન્યાસીની જેમ તેઓએ પણ સર્વ પ્રકારનાં આસક્તિ અને અણગમાં ઉપર વિજય મેળવવાનો હોય છે; તેઓ પોતાની આસપાસના વાતાવરણમાં કે જગતમાં કશો રસ દાખવતા નથી. ભલે તેઓ કોઈ વનમાં કે શહેરમાં વસતા હોય - તેઓને એમના સ્થાનની કશી જ પરવા હોતી નથી. તેઓને બીજાં સાથે કોઈ સંબંધ હોતો નથી. તેઓ ભૂત, વર્તમાન કે ભવિષ્યનો વિચાર સરખો કરતા નથી. તેઓ શાંતિપૂર્વક પોતાની સાથે જ હસતાં હસતાં, હમેશાં આનંદમગ્ન અને સજાગ રહી, સુખસગવડ કે આશરો શોધ્યા વિના, નિદ્રા કે આહારના કોઈ સ્થાનનો ખ્યાલ પણ કર્યા વિના નિરંતર કાંટાળા અને ખડકાળ માર્ગે ઉમંગથી આગળ વધતા જ જાય છે, કારણ આનંદ એ જ એમનો આહાર છે. આજે પણ હિમાલયની શાંત ગુફાઓમાં આત્માનંદમાં લીન અવધૂતો વસે છે. સૌ કોઈને તેઓના દર્શન થતાં નથી. માત્ર સદભાગ્ય હોય તો જ તમે તેઓ સમક્ષ અચાનક પહોંચી જાઓ છો.

પણ ઘણા અવધૂત હોવાનો દેખાવ કરી, દાવો કરી ફરતા હોય છે. જે સાચો અવધૂત છે તે માનવ સમાજના સંપર્કની ઈચ્છા કરતો નથી; કે જાહેરમાં દેખાતો નથી. કદાચ તેઓ ભૂલી જાય અને સમાજમાં આવી ચડે તો તેઓ શાંતિથી આડાઅવળા થઈ દૂર જતા રહે છે કે જેથી તેઓ પ્રત્યે લોકોનું ધ્યાન ન જાય. કોઈ અવધૂતને તમે છૂટથી માનવસમાજમાં હળતોમળતો અને તેની પ્રવૃત્તિમાં રસ લેતો જુઓ તો માનજો કે તે અવધૂત નહિ પણ યમદૂત છે, રાક્ષસ છે.

**પ્રશ્ન** :- માનવીએ દેહધર્મને એટલે દેહને લગતી ફરજ અને જવાબદારીને કયાં સુધી આધીન રહેવાનું છે ?

**ઉત્તર** :- જીવાત્માનું જ્ઞાન થાય ત્યાં સુધી. એનાં શોધન અને જ્ઞાન પછી એની કોઈ આવશ્યકતા રહેતી નથી.

**પ્રશ્ન** :- માનવી જીવાત્મા પ્રત્યે ક્યાં સુધી સજાગ રહે છે ?

**ઉત્તર** :- સરિતા સાગરને મળે ત્યાં સુધી. જીવીનું જે ઉગમસ્થાન છે તે પરમાત્મારૂપ સાગરને એ મળે છે અને તે સાથે એકરૂપ થઈ જાય છે ત્યાં સુધી.

**પ્રશ્ન** :- મોક્ષ એટલે શું ?

**ઉત્તર** :- મોક્ષ એટલે જે કંઈ બંધનકર્તા છે તે સર્વથી મુક્તિ. એટલે કે શાશ્વત, નિશ્ચલ અને

પરિશુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ અને ચંચળ, અસત્ય અને અપવિત્ર દેહતત્ત્વનો ત્યાગ.

**પ્રશ્ન** :- એ સિદ્ધિ સૌ કોઈને સુલભ નથી, ખરું ને સ્વામીજી ?

**ઉત્તર** :- એવું કેમ કહો છો ? જે કોઈ એ માટે સજ્જ બની પ્રયાસ કરે છે તે સૌ એ પ્રાપ્ત કરી શકે છે; ખરું પૂછો તો જેઓ એ પ્રયાસ કરી રહ્યા છે તેઓ એ પ્રાપ્ત કરી જ રહ્યા છે. જે કોઈ બીમાર હોય તે ઔષધનો અધિકારી છે; તમે એમ ન કહી શકો કે એઓમાં અમુકને જ ઔષધનો હક છે. પણ દવાનું મૂલ્ય ઘણું વધારે હોય તો જેઓ એ ખરીદી શકે એઓને જ એનો લાભ મળી શકે. પ્રભુકૃપા મેળવવી સહેલી નથી; એ માટે તમારે મોટી કિંમત ચૂકવવી પડે છે. કિંમત ચૂકવો એટલે કે સાધનાને બળે તે પ્રાપ્ત કરો અને એ પ્રભુકૃપા તમને આ ' ભવરોગ ' થી ઉગારી લેશે.

**પ્રશ્ન** :- સાધનાની સૌથી વધારે જરૂર કોને ?

**ઉત્તર** :- જન્મમરણના પૂરમાંથી ઉગરી જવાની જે ઝંખના સેવે છે તે સૌને - એ પૂર કે જેમાં આજે એઓ અસહાય ખેંચાયે જાય છે.

**પ્રશ્ન** :- બાબા; માનવીને જન્મ શાથી લેવો પડે છે ?

**ઉત્તર** :- એ એના કર્મનું પરિણામ છે.

**પ્રશ્ન** :- કર્મના કેટલા કેટલા પ્રકારો છે ?

**ઉત્તર** :- ત્રણ : અશુભ, શુભ અને શુભાશુભ કે મિશ્રિત. કેટલાક ચોથું પણ ઉમેરે છે; જ્ઞાનીનું કર્મ જે શુભ નથી કે અશુભ પણ નથી.

**પ્રશ્ન** :- અશુભ કર્મ કોને કહેવું ?

**ઉત્તર** :- એને દુષ્કર્મ કહેવામાં આવે છે, પરમાત્માની સ્હેજ પણ બીક રાખ્યા વિના કરવામાં આવતાં પાપકર્મો; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર રૂપી છ શત્રુઓથી પ્રેરાઈ કરવામાં આવતાં સર્વ કર્મો, માનવીનું પાશવી સ્વરૂપ વ્યક્ત કરનારાં અને તેનામાં વિવેક, વિચક્ષણતા કે વૈરાગ્ય નથી એવું દર્શાવનારાં સર્વ કર્મો; જે દયા, ધર્મ, સત્ય, શાંતિ અને પ્રેમ વિહીન છે એવાં સર્વ કર્મો દુષ્કર્મો છે.

**પ્રશ્ન** :- અને સત્કર્મો ?

**ઉત્તર** :- પ્રભુનો અને પાપનો ડર રાખી કરવામાં આવતાં કર્મો, સત્ય, ધર્મ,શાંતિ અને પ્રેમયુક્ત સર્વ કર્મો સત્કર્મો છે.

**પ્રશ્ન** :- મિશ્ર કર્મો કે શુભાશુભ કર્મો એટલે શું ?

**ઉત્તર** :- એ કર્મો રસમય છે, કાર્યો શુભ હોવા છતાં, દેખીતી રીતે તે પ્રભુના અને પાપના ભયની લાગણીથી પ્રેરાયાં હોવા છતાં તેમાં સાવ ઉલ્ટી જ વૃત્તિઓ પ્રતિબિંબિત થાય છે. દ્રષ્ટાંત તરીકે લોકો ધર્મ શાળા અને પાણીની પરબ સ્થાપે છે પણ તેઓ ત્યાં કામ કરતા મજુરોને નિયમિત અને સંતોષકારક રોજી આપતા નથી. તેઓનો હેતુ માત્ર નામના મેળવવાનો હોય છે. ગરીબ ભીખારીઓને તેઓ ફાટ્યાંતૂટ્યાં વસ્ત્રો અને ઘસાઈ ગયેલાં પાઈપૈસા કે વાસણો આપે છે. તેઓ જે કંઈ કરે છે એ પાછળ માત્ર પ્રસિદ્ધિનો હેતુ હોય છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપે જ્ઞાનકર્મનો પણ ઉલ્લેખ કર્યો હતો ?

**ઉત્તર** :- હા, પવિત્ર ધર્મગ્રંથોના અભ્યાસ દ્વારા અને વડીલો અને ગુરુઓ પાસેથી દ્વૈતના બંધન અને વિશ્વના મિથ્યાતત્ત્વથી છૂટવાનું જ્ઞાન સંપાદન કરવાના અને સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમના આદર્શોમાં શ્રદ્ધા કેળવવાના સર્વ યત્નોને જ્ઞાનકર્મને નામે ઓળખવામાં આવે છે. મતલબ કે વ્યક્તિને સમષ્ટિ તત્ત્વ સાથે એકરૂપ કરી તેમાં સમાવી લેનાર સર્વ કર્મો જ્ઞાનકર્મો છે.

# ૫

# વિદ્યા અને ભક્તિ

**પ્રશ્ન** :- સ્વામીજી ! મેં લોકોને અનેકવાર ‘ અમનસ્ક ' શબ્દનો પ્રયોગ કરતા સાંભળ્યા છે. એનો શો અર્થ થાય ?

**ઉત્તર** :- આ સમગ્ર સર્જન સંપૂર્ણ સિદ્ધ થાય પણ તેનું દર્શન માત્ર શાશ્વતદર્શી સાક્ષીસ્વરૂપ પરમાત્માને જ થતું હોય અને તે ક્ષણવારમાં અદ્રશ્ય થઈ જાય - જેમ વાદળના આવરણને પરિણામે સૂર્ય –ત્યારે એ તબક્કે તે અમનસ્ક ગણાય છે.

**પ્રશ્ન** :- જે કંઈ જ્ઞાનરૂપ છે તેનું શું થાય છે ?

**ઉત્તર** :- તે પણ અદ્રશ્ય થાય છે.

**પ્રશ્ન** :- જે સાક્ષીની આપ વાત કરો છો એ સ્વપ્નાવસ્થામાં ક્યાં હોય છે ?

**ઉત્તર** :- તે જીવીમાં જ રહે છે; તે માત્ર જોતો જ નથી પણ જીવી જે કંઈ જુએ છે તેનું સંયોજન અને સર્જન કરનાર પણ એ જ છે.

**પ્રશ્ન** :– અને ગાઢ નિદ્રાવસ્થામાં ?

**ઉત્તર** :– તે સંપૂર્ણ સત્યસ્વરૂપ - અપરિવર્તનશીલ અવસ્થામાં હોય છે.

**પ્રશ્ન** :- અને ચોથી કક્ષા - તૂર્યાવસ્થા - નિદ્રાથી પર જે અવસ્થા છે એમાં ?

**ઉત્તર** :- એ ઈશ્વરસ્થાનમાં લીન થઈ જાય છે - જેનું સ્વરૂપ અપરિવર્તનશીલ હોય છે.

**પ્રશ્ન** :- ‘પરમાર્થ’ શબ્દનો શું અર્થ થાય ?

**ઉત્તર** :- પરમ અર્થ એટલે કે દેહ અને ઈન્દ્રિયોથી મર્યાદિત આ મૃત્યુલોકથી પર અને અલિપ્ત.

**પ્રશ્ન** :- કેટલાક પરમ-પદની વાતો પણ કરે છે. એ શી રીતે બને ?

**ઉત્તર** :– એ કક્ષા નામરૂપ અને ક્રિયારૂપથી પર છે.

**પ્રશ્ન** :– સ્વામી ! પરમાત્મા વિશ્વથી પર છે કે વિશ્વવ્યાપ્ત છે ?

**ઉત્તર** :- પરમાત્મા વિશ્વના આણુઅણુમાં છે અને વિશ્વથી પર પણ છે; તેની બહાર કોઈ સ્થાનનું

અસ્તિત્ત્વ નથી; સર્વ સ્થાનો- સમગ્ર સૃષ્ટિ પરમાત્માયુક્ત છે; સર્વ નામો તેના જ છે, કોઈ એવું નામ નથી કે જે તેનું અનુસંગી ન હોય અથવા અસંબદ્ધ હોય.

**પ્રશ્ન** :– જે પરમાત્મતત્ત્વ આ સૃષ્ટિમાં વ્યાપ્ત છે તેને માટે કયું નામ વાપરવું ?

**ઉત્તર** :- તેને વિવિધ નામો આપી શકાય ! પરમપદ, અનંત અવકાશ, પરમાર્થ, અ-શરીર, પરિપૂર્ણ, અવાક્ - મન - અગોચરમ (શબ્દ કે વિચારથી જેનું જ્ઞાન થઈ શકતું નથી). આમ તેના અનેક નામો છે.

**પ્રશ્ન** :- આ સત્ સ્વરૂપ પૌરાણિક છે કે નવું છે – સનાતન છે કે નૂતન ?

**ઉત્તર** :- અલ્બત્ત એ સનાતન છે - નૂતન નહિ.

**પ્રશ્ન** :- અંતિમ પુરુષાર્થ કોને કહેવાય ?

**ઉત્તર** :- અરે ! નિઃસંશય એ 'મોક્ષ' છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! વિદ્યા વિષે લોકો ચાર પ્રકારની વિદ્યાનો ઉલ્લેખ કરે છે, એ ચાર પ્રકારો કયા ?

**ઉત્તર** :- હા; એ છે આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા, અને દંડનીતિ.

**પ્રશ્ન** :- આ બધાં નામો મારે માટે નવાં જ છે. આન્વીક્ષિકી એટલે શું ?

**ઉત્તર** :- જે વિદ્યાને પરિણામે વ્યક્તિ આત્મા અને અનાત્માનો ભેદ પામી શકે છે.

**પ્રશ્ન** :- અને ત્રયી ?

**ઉત્તર** :- યોગ્ય કર્મ અને કર્મકાંડ દ્વારા સ્વર્ગ પ્રાપ્ત થઈ શકે એ વિદ્યા.

**પ્રશ્ન** :- વાર્તા શેનું જ્ઞાન આપે છે.

**ઉત્તર** :- કૃષિ અને એવી બીજી સર્જનાત્મક પ્રવૃત્તિનું જ્ઞાન.

**પ્રશ્ન** :- દંડનીતિ એટલે શું ?

**ઉત્તર** :- આ વિદ્યા અનુસાર સમાજના રાજકર્તાઓ અને રક્ષકો પોતાનો કારોબાર ચલાવતા હોય છે; સમૃદ્ધિ અને પરિપાકની પ્રાપ્તિ અને ઉપભોગ માટે એ આવશ્યક છે.

**પ્રશ્ન** :- એમાંની કઈ માનવીને જન્મમરણના ચક્રનો ભોગ બનાવે છે ?

**ઉત્તર** :- પહેલી આન્વીક્ષિકી સિવાયની બધી જ.

**પ્રશ્ન** :- આધ્યાત્મિક સિદ્ધિ માટે મન ઉપરનું પ્રભુત્વ આવશ્યક ગણવામાં આવ્યું છે, મનને સર્વ

પ્રકારના દૂષણોથી મુક્ત કરવા કયા સદગુણો કેળવવા જરૂરી છે ?

**ઉત્તર** :- એ સદગુણો મુખ્યત્વે ચાર છે : મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એ સમજાવવાની આપને તસ્દી આપ્યા વિના છૂટકો નથી.

**ઉત્તર** :- બંધુભાવ અને નમ્રભાવી સજ્જનોનો સહવાસ તથા પરમાત્માના નામ અને રૂપ પ્રત્યે પ્રેમભાવ એ મૈત્રીમાં આવે છે. કરુણા એટલે દુઃખી અને પીડિતો પ્રત્યેનો દયાભાવ.

**પ્રશ્ન** :- જે સદગુણને મુદિતા કહ્યો એ શું છે ?

**ઉત્તર** :- મુદિતા એટલે જેઓ દાનવીરો છે, સમાજસેવકો છે. જેઓ પીડિતોને સહાય કરવા સદા તત્પર છે તેઓને કે એવી વ્યક્તિઓને મળતાં જે આનંદની અનુભૂતિ થાય છે તે.

**પ્રશ્ન** :- ઉપેક્ષા ?

**ઉત્તર** :- અવગણના; દુષ્ટો પ્રત્યે બેપરવાઈની લાગણી; એવાં તત્ત્વો પ્રત્યે ન પ્રેમ, ન ધિક્કાર.

**પ્રશ્ન** :- ચાર સદગુણોની જેમ ચાર પ્રકારની ભક્તિની પણ વાતો થાય છે, ભક્તિના એ પ્રકારો કયા છે સ્વામીજી ?

**ઉત્તર** :- ભલા માણસ ! અગણિત પ્રકારની સર્વ ભક્તિ અને એના ઉપાસકોને ચાર વર્ગોમાં મૂકી શકાય; આર્થ, અર્થાર્થિ, જિજ્ઞાસુ અને જ્ઞાની. જે આધ્યાત્મિક અસંતોષથી વ્યગ્ર છે અને જે પ્રભુને એના દુઃખથી વ્યાકુળ બની પ્રાર્થે છે તે આર્થ છે.

**પ્રશ્ન** :- અર્થાર્થિનો શું અર્થ થાય ?

**ઉત્તર** :- જેઓને દ્રવ્ય કે આધ્યાત્મિક બળની ઈચ્છા છે અને જેઓ તેના વરદાન માટે પ્રભુને ભજે છે અને પ્રાર્થના કરે છે.

**પ્રશ્ન** :- આપે જિજ્ઞાસુ વિષે કહ્યું, એ કોણ છે ?

**ઉત્તર** :- જેઓ ધૈર્ય અને દ્રઢતાપૂર્વક મુક્તિની ઝંખના સેવે છે અને પરમતત્ત્વની શોધ અને પ્રાપ્તિ માટે પ્રવૃત્ત રહે છે.

**પ્રશ્ન** :- અને જ્ઞાની ?

**ઉત્તર** :- જે દ્વૈત કે દ્વન્દ્વભાવથી મુક્ત છે અને પોતે સૃષ્ટિના મૂળતત્ત્વરૂપ સત્યનું જ રૂપ અને તેનો જ અંશ છે એનું જેને જ્ઞાન થઈ ચૂક્યું છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આ પ્રકારની ભક્તિને પરિણામે જેઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા થોડા ભક્તો વિષે કહેશો તો અમે એ વધારે સ્પષ્ટ રીતે સમજી શકીશું.

**ઉત્તર** :- અરે ! એવાં અસંખ્ય નામો મળી આવશે, અર્થભક્તોમાં દ્રૌપદી, પ્રહલાદ, સકુબાઈ; અર્થાર્થિઓમાં ધ્રુવ, અર્જુન અને બીજા અનેક, જિજ્ઞાસુઓમાં ઉધ્ધવ, રાધા, જ્ઞાનીઓમાં સુક, સનક આદિ.

---

# ૬

# મોક્ષમાં વિઘ્નો

**પ્રશ્ન** :- સ્વામી ! એમ જણાય છે કે જેઓ મોક્ષને લક્ષ્ય બનાવી આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ અપનાવે છે તેઓને મહાન અવરોધોનો સામનો કરવો પડે છે.

**ઉત્તર** :- હા, ભૂત, વર્તમાન અને ભવિષ્યના અવરોધો.

**પ્રશ્ન** :- એ શું છે ? ભૂતકાળના અવરોધો કયા ?

**ઉત્તર** :- ભૂતકાળના અનુભવોનું સ્મરણ કરી તેમાં આસક્ત બનવું તે.

**પ્રશ્ન** :- અને વર્તમાનના અવરોધક તત્ત્વો ?

**ઉત્તર** :- એ ચાર રીતે અસર કરે છે. વિષય - આસક્તિ (ઉપદેશના મર્મ કરતાં લેખન વિષેના અવલોકનના - ટીકાટિપ્પણાના લક્ષણો ઉપર વધારે ધ્યાન આપવું તે), પ્રજ્ઞા - મંદતા (જ્ઞાની પુરુષો અને અનુભવી વડીલોની વાણીનો અર્થ સમજવામાં જે બાધક નીવડે છે તે બુદ્ધિની મંદતા), કુતર્ક (કૂટનીતિ, કપટભાવ) અને વિપર્યાયદુરાગ્રહ (પોતાનું વિધાન અતિશયોક્તિભર્યું અને જુઠું હોવા છતાં તે સાચું છે એમ ઠસાવવાનો પ્રયત્ન કરવો તે).

**પ્રશ્ન** :- ભવિષ્યના અવરોધો કયા પ્રકારના હોય છે ?

**ઉત્તર** :- ભાવિ અવરોધક બને છે કારણ તમે મુશ્કેલી અને ચિંતાના પ્રસંગો આવે તે પહેલાં જ તેની અપેક્ષાથી અકળાઈ ઊઠો છો.

**પ્રશ્ન** :- મેં ચાર પ્રકારની પ્રાણીસૃષ્ટિ વિષે સાંભળ્યું છે પણ તે વિષે મને પૂરી માહિતી નથી.

**ઉત્તર** :- એ છે અંડજ, સ્વેદજ, ઉદબિજ્જ અને જરાયુજ.

**પ્રશ્ન** :- આ શબ્દોનો અર્થ.

**ઉત્તર** :- અંડજ એટલે જે ઈંડામાંથી જન્મે છે તે;સ્વેદજ એટલે પ્રસ્વેદમાંથી જન્મે છે; ઉદબિજ્જ એટલે ભૂમિમાંથી પેદા થતું અને જરાયુજ એટલે ગર્ભજન્ય. પહેલા વર્ગના દ્રષ્ટાંત તરીકે પક્ષીઓ લો, બીજા વર્ગના જીવજંતુઓ *(lice, etc.)*, ત્રીજા વર્ગમાં કીડી, છોડ, વૃક્ષ વગેરે આવી શકે અને ચોથામાં મનુષ્ય, પશુસૃષ્ટિ વગેરે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! જેઓ આસ્તિક હોઈ પરમાત્માને ભજે છે તેઓમાં વિશિષ્ટ પ્રકારો છે ખરા ?

**ઉત્તર** :- અલબત્ત. એઓમાં પણ ચાર વર્ગો છે.

**પ્રશ્ન** :- તેઓના નામ ?

**ઉત્તર** :- દ્વિજ, મુનિ, અલ્પબુદ્ધિ અને વિદિતાત્મા : એટલે કે જે બે વાર જન્મે છે તે (ઉપનયન સંસ્કારને પરિણામે), સંતો અને તપસ્વીઓ, મંદબુદ્ધિવાળા અને આત્મજ્ઞાન ધરાવનારા.

**પ્રશ્ન** :- તેઓને આ નામે શાથી ઓળખવામાં આવે છે ? પ્રત્યેક વર્ગની લાક્ષણિક્તા શી છે ?

**ઉત્તર** :- જે દ્વિજ છે તે અગ્નિને પરમાત્મારૂપ ગણે છે અને તેને પૂજનીય ગણી એ પ્રતીતિ વડે તેઓ પરમાત્માને ભજે છે.

**પ્રશ્ન** :- અને મુનિઓ ?

**ઉત્તર** :- તેઓ અંતરાત્મામાં પ્રભુનું દર્શન કરે છે.

**પ્રશ્ન** :- મંદબુદ્ધિવાળાનું શું ?

**ઉત્તર** :- તેઓને પરમાત્માનું સૌંદર્ય અને ભવ્યતા સમજવા મૂર્તિ, ચિત્ર અને એવાં દ્રશ્ય સાધનો જરૂરી લાગે છે અને તેઓ એની પરમાત્મારૂપ તરીકે ભક્તિપૂજા કરે છે.

**પ્રશ્ન** :- અને જેમણે આત્મજ્ઞાન સિદ્ધ કર્યું છે તેઓ ?

**ઉત્તર** :- તેઓ પરમાત્માને સર્વવ્યાપ્ત માને છે અને વિશ્વમાં સર્વત્ર એઓ તેના દર્શન કરે છે - જ્યાં ત્યાં એઓ પરમાત્માનો જ સંચાર જુએ છે.

**પ્રશ્ન** :- એ સૌમાં ઉત્તમ કોને કહેવા એમ પૂછી શકું ?

**ઉત્તર** :- પ્રત્યેક જણ જે કક્ષા એણે સિદ્ધ કરી છે તેમાં મહાન છે; પણ એ સ્પષ્ટ છે કે જેઓ સર્વત્ર અને સર્વદા પરમાત્માની અનુભૂતિ કરે છે અને સર્વમાં તેનો જ આવિષ્કાર જુએ છે તેઓ ઉત્તમ કક્ષાએ પહોંચ્યા છે એમ કહી શકાય.

**પ્રશ્ન** :- સ્વામીજી ! ચારિત્ર્યના કયા ગુણદોષથી વિરક્ત રહેવાની જરૂર છે એટલે કે જન્મમરણના ચક્રમાંથી મુક્તિની ઝંખના સેવનારના માર્ગમાં શું શું અવરોધક છે ?

**ઉત્તર** :- છ વર્ગના શત્રુઓ : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.એનાથી દૂર રહેવું આવશ્યક છે.

**પ્રશ્ન** :- " કામ " ખરેખર શું છે ?

**ઉત્તર** :- દ્રવ્ય, માલમિલ્કત, માનપાન, સ્થાનમાન, નામના, બાળબચ્ચાં વગેરેની ઈચ્છા ! કેટલાં

ગણાવવાં ? વાસનાયુક્ત અસત્ય, ક્ષણભંગૂર અને અપવિત્ર વિશ્વ પ્રત્યેની આસક્તિ.

**પ્રશ્ન** :- ક્રોધ ?

**ઉત્તર** :- બીજાને હાનિ પહોંચાડી તેનો સર્વનાશ કરવાની પાશવી મનોદશા.

**પ્રશ્ન** :- અને લોભ ?

**ઉત્તર** :- જે કંઈ પોતાનું છે કે પોતે મેળવ્યું છે તેમાંનો અંશ પણ બીજો ખાઈ ન જાય એવો નિરધાર; અને આપત્તિ કાળમાં પણ પેતાની પૂંજી વપરાઈને ઓછી ન થઈ જાય એવી હીન ભાવના.

**પ્રશ્ન** :- સ્વામીજી ! મોહનો શો અર્થ થાય છે ?

**ઉત્તર** :- અમુક વ્યક્તિઓ બીજા કરતાં પોતાની વધુ નીકટ છે એવો ભ્રમ અને બીજાઓ કરતાં તેઓને વધારે ખુશ રાખવાની વૃત્તિ અને પરિણામે તેઓ માટે કમાઈને ભેગું કરવા અનિવાર્ય બનતો અખૂટ શ્રમ.

**પ્રશ્ન** :- મદ ?

**ઉત્તર** :- મદ એટલે પોતામાં બીજા કરતાં વિદ્ધત્તા, બળ વિશેષ છે કે પોતે વધારે શ્રીમંત અને કીર્તિવંત છે એવું ઉત્તરોત્તર વધતું મનનું અભિમાન. કોઈ પાસે એ બધું ન હોય તો પણ મદયુક્ત માનવી માત્ર પોતાની સુખસગવડ અને સલામતીના વિચારને પ્રધાન ગણી વડીલો પ્રત્યે પૂજ્યભાવ દર્શાવ્યા વિના તેમ જ અન્ય સ્વજનોની લાગણી અને પ્રેમ પ્રત્યે અંધ બની પોતાને માર્ગે ચાલ્યો જાય છે. મદ એ અહમભાવની પરાકાષ્ઠા છે.

**પ્રશ્ન** :- છેલ્લે તમે ' મત્સર ' ગણાવ્યો હતો, એનો અર્થ ?

**ઉત્તર** :- જ્યારે તમે બીજાઓને તમારા જેવા અને જેટલા જ સુખી જુઓ છો ત્યારે ' મત્સર ' તમને દુ:ખી દુ:ખી કરી મૂકે છે. તમને જાણે એ અસહ્ય થઈ પડે છે.

**પ્રશ્ન** :- દંભ અને દર્પ નામના લક્ષણો પણ ગણાવવામાં આવે છે. તે શેનો નિર્દેશ કરે છે ?

**ઉત્તર** :- જનતાની શાબાશી અને પ્રશંસા માટે યજ્ઞ કરાવી મોટી મોટી રકમ દાનમાં આપવા પ્રેરક બનતો દંભ માનવીના મનમાં ઉશ્કેરાટ મચાવી મૂકે છે. માનવી શ્રીમંત અને સુખી હોય ત્યારે જે અભિમાન એને સતાવી રહે છે તે દર્પ છે.

**પ્રશ્ન** :- ઈર્ષાનો શું અર્થ થાય ?

**ઉત્તર** :- ઈર્ષા એટલે વ્યક્તિ પોતે જે દુ:ખ, યાતના અને ઉદ્વેગમાં સપડાઈ હોય તેનો બીજા પણ ભોગ બને - તે બીજાને પણ ચોટે એવી હીન ભાવના.

**પ્રશ્ન** :- એનો અર્થ કે એ અસુયાથી જુદી છે ?

**ઉત્તર** :- હા. અસુયા એટલે હમેશાં બીજાનું બૂરું જ ઇચ્છવું; અને બીજાને હાનિ પહોંચાડવાની આ ઈચ્છા સંતોષવા જે કંઈ મુશ્કેલી આવે તેનો સામનો કરવાની તૈયારી. આ બધા આંતરિક શત્રુઓ કહેવાય છે. જ્યાં સુધી માનવી આ શત્રુઓ પ્રેરિત ભ્રમમાં સપડાયો હશે ત્યાં સુધી એના મનમાં મુક્તિ - મોક્ષની ઈચ્છા પણ જાગવી અસંભવ છે.

# ૭

# પંચ કોષ

**પ્રશ્ન** :- એ ભ્રમ શી રીતે દૂર થઈ શકે ?

**ઉત્તર** :- કેમ નહિ ? વિવેક અને વિજ્ઞાન વડે એ દૂર થાય છે.

**પ્રશ્ન** :- બુદ્ધિ અને કુટસ્થમાં દેખાતા જીવી માટે એકબીજાના આવરણરૂપ બાહ્યદર્શ શકે ખરું ?

**ઉત્તર** :- બાહ્ય આવરણ ન હોય તો પણ સર્વ આભાસમાં દર્શનમાં બાહ્યદર્શન હોવાનું જ.

**પ્રશ્ન** :- એ શી રીતે ?

**ઉત્તર** :– કુટસ્થ એટલે અનાસક્ત, સ્વસ્થ, અસ્પૃશ્ય અને સદા - મુક્ત. છતાં બાહ્ય આવરણને લીધે તે જુદો દેખાય છે. આ મૂળ તત્ત્વ અને આવરણના સહઅસ્તિત્ત્વનું પરિણામ છે.

**પ્રશ્ન** :- કેટલાક વડીલો કહે છે કે 'તે અને ત્વમ્ (તું) ' એક જ છે, સમાન છે; એ શી રીતે ? કૃપા કરી મને એનો અર્થ સમજાવો.

**ઉત્તર** :- એક દ્રષ્ટાંત લો. ઘડો, મકાન અને ચિત્ર. એ ત્રણે ભિન્ન છે ખરુંને ? એ સમાન પણ નથી. પણ એ ત્રણેમાં જે આકાશ છે તે એક જ છે. જ્યારે સ્થિતિરૂપ મર્યાદા દૂર થાય ત્યારે આકાશ જ રહે છે; ઘડો (ઘટ), મકાન (મઠ) અને ચિત્ર (પટ) એ સર્વ આકાશ સાથે એકરૂપ થઈ જાય છે કે જે અમર્યાદ અને અનંત છે. પ્રકાશનું પણ એમ જ છે. અંતરનો પ્રકાશ બહારના પ્રકાશમાં ભળી જાય છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપે કહ્યું કે પંચતત્ત્વરૂપ દેહધારી માનવીએ પંચકોષમાં પૂરાયેલા આત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. આ પંચકોષ શું છે ?

**ઉત્તર** :- કોષ એટલે મ્યાન, પેટી કે આવરણ. તલવારને મ્યાનમાં રાખવામાં આવે છે. દ્રવ્યને તીજોરીમાં. તમારે સમજવું રહ્યું છે આ પંચભૂતના કોષમાં જે રહે છે - વસે છે તે તમે પોતે છો; તમારું સાચું સ્વરૂપ છે. એ સત્ય પ્રત્યક્ષ જોવા - તેનો સાક્ષાત્કાર કરવા પાંચે આવરણો દૂર કરવાં પડે એ સ્વાભાવિક છે.

**પ્રશ્ન** :- એ પાંચ આવરણો કયાં છે, સ્વામીજી !

**ઉત્તર** :- તે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષો કહેવાય છે.

**પ્રશ્ન** :- અન્નમય કોષ એટલે શું ?

**ઉત્તર** :- આ દેહ માતાની કુખમાં ઘડાયો - માતાએ લીધેલા ખોરાક કે અન્નની સહાયથી. એટલું જ નહિ, જન્મ પછી પણ તે માત્ર ખોરાક વડે જ ટકી રહે છે અને વિકાસ પામતો જાય છે. મૃત્યુ પછી એ પૃથ્વીમાં ભૂમિમાં ભળી જાય છે કે જેમાં અન્ન પેદા થાય છે. આથી એને અન્નમય કહેવામાં આવ્યો છે.

**પ્રશ્ન** :- આ અન્નમય કોષનું મહત્ત્વ શું છે ?

**ઉત્તર** :- એ સ્થૂળ દેહરૂપ છે, જે યાતના અને આનંદ બન્ને ભોગવે છે. યાતનામાં ક્ષિણ અને આનંદમાં પ્રફુલ્લિત બની રહે છે.

**પ્રશ્ન** :- એનું આ એક જ નામ છે કે પછી બીજાં પણ છે ?

**ઉત્તર** :- બીજું નામ છે - ભોગાયતન.

**પ્રશ્ન** :- હવે પ્રાણમય કોષ - એનો શો અર્થ થાય ?

**ઉત્તર** :- પાંચે ઈન્દ્રિયો - પ્રાણોનો વિસ્તાર.એ પ્રાણમય કોષ છે.

**પ્રશ્ન** :- સ્વામી ! એમ પણ જણાય છે કે માત્ર પ્રાણોનું અસ્તિત્ત્વ નથી - ઉપ - પ્રાણો પણ છે.

**ઉત્તર** :- હા, છે. નાગ, કુર્મ, ગૃધ, દેવદત્ત અને ધનંજય.

**પ્રશ્ન** :- આ પ્રત્યેકનું શું કાર્ય છે ?

**ઉત્તર** :- નાગ ઓડકાર કરાવે છે; કુર્મ પાંપણો પાસે કામ લે છે; છીંક માટે ગૃધ જવાબદાર છે; બગાસાનું કામ દેવદત્તનું છે, ધનંજય શરીરનો વિકાસ સાધી તેને વિશાળરૂપ આપે છે (એટલે કે ચરબી ભરી ભરી તે અલમસ્ત બનાવી મૂકે છે) મૃત્યુ પછી પણ શરીર ઉપર એની અસર થાય છે અને મૃતદેહમાં પરિવર્તન થતું વર્તાઈ આવે છે.

**પ્રશ્ન** :- મનોમય કોષ એટલે શું ?

**ઉત્તર** :- પાંચે જ્ઞાનેન્દ્રિયેનો પ્રદેશ અને સાથે મન - ઈન્દ્રિયો જેના સાધન બની વર્તે છે. એ પ્રાણમય કોષનો આંતરભાગ છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપ અનેક વાર મન - મનનો ઉલ્લેખ કરો છો એ મન શું છે એ કૃપા કરી સમજાવો.

**ઉત્તર** :- એ શક્તિતત્ત્વ કે જે તમને શરીરરૂપ હોવાનું ભાન કરાવે છે અને એ દેહ સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક ચીજ ' મારી ' છે એવું જ્ઞાન કરાવે છે. એ જ્ઞાનશક્તિ કે જે ઈન્દ્રિયોમાંથી નીસરી પદાર્થનો સંપર્ક સાધી તમને તેની અનુભૂતિનો આનંદ કરાવે છે. આથી એ અત્યંત ચંચળ છે અને એક

પદાર્થ ઉપરથી બીજા પદાર્થ ઉપર ઘૂમતી જ રહે છે; એક ચીજ છોડી બીજીનો આશરો લે છે.

**પ્રશ્ન** :- સ્વામી ! માનવી પોતે અન્નમય કોષથી ભિન્ન અને પર છે એમ શી રીતે સિદ્ધ કરી શકે ?

**ઉત્તર** :- આ દેહ જન્મ પહેલાં અને મૃત્યુ પછી દેખાતો નથી હોતો. વચ્ચેના ગાળા દરમ્યાન - માત્ર એટલા સમય પર્યંત જ એ દેખાય છે. દેહને પ્રારંભ અને અંત છે, તે વિકાસ અને ક્ષયને આધીન છે. આવી ચીજો ઉત્પત્તિ છે કે પરિણામરૂપ છે, અને જે પરિણામરૂપ છે તે સર્વ મર્યાદિત છે - મૂળ કારણને આધીન છે. આમ દેહ પણ મર્યાદિત અને પરાધીન છે. જ્ઞાની માણસ પોતા વિષે કહેશે, " મારું અસ્તિત્વ કાળાતીત છે, હું પદાર્થ –સ્થૂળસ્વરૂપ નથી; હું કારણરૂપ નથી કે પરિણામરૂપ નથી; હું આ સ્થૂળ દેહથી ભિન્ન છું - પર છું. એથી હું અન્નમય કોષમાં આવતો નથી. હું તો અન્નમય કોષનો જ્ઞાતા છું; હું સાક્ષી છું." આ જ્ઞાન જ્યારે દ્રઢ થાય ત્યારે સત્યનું જ્ઞાન થયું કહેવાય. માનવીએ સમજવું જ રહ્યું કે તેનું સાચું સ્વરૂપ અન્નમય આવરણથી જુદું છે, પર છે.

**પ્રશ્ન** :- પોતે પ્રાણમય કોષથી પર છે એમ માનવી શી રીતે સમજી શકે ?

**ઉત્તર** :- રાતે માનવી જ્યારે નિદ્રાવશ થાય છે ત્યારે પ્રાણ - સર્વ શક્તિતત્ત્વો તો પ્રવૃત્ત જ હોય છે પણ એ વ્યક્તિને તેની આસપાસ અને અંદર શું બની રહ્યું છે તેનું ભાન હોતું નથી. નિદ્રાવસ્થા દરમ્યાન એના શત્રુઓ મુલાકાતે આવી જાય ત્યારે એ યુદ્ધ કરતો નથી. તે ક્રિયાહીન અને શિથિલ અવસ્થામાં પડ્યો રહે છે. પણ " મારું સ્વરૂપ નિષ્ક્રિયતા કે શિથિલતા નથી. હું તો નિરંતર જાગૃત સાક્ષી છું. હું સર્વ આવરણોથી મુક્ત છું " આ રીતે એણે પોતા વિષેનું રહસ્ય સમજી, તે ઉપર મનન કરી તે જાણી લેવું જોઈએ.

---

# ૮

# યોગ અને મોક્ષ

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપણે આ દેહને સાધનરૂપ બનાવી અનેક પાપકર્મો તેમ જ ધર્મ કાર્યો કરીએ છીએ. પરિણામે દુ:ખ યા તો આનંદ પ્રાપ્ત થાય છે; હવે જે 'હું' વિષે આપ કહો છો તે જ શું કર્તા છે અને એટલે યાતના કે આનંદનો ભોક્તા છે ?

**ઉત્તર** :- ના ના; જે કર્તવ્ય કરનાર છે તે કર્તા છે; કર્મ એ તો પરિવર્તન છે, ખરું ને ? એટલે વ્યક્તિ પરિવર્તન સાધી રહી હોય એવો આભાસ થાય છે. પણ 'હું' પરિવર્તનથી પર છે. એ તો એક જ અને દ્રઢ છે અને તેથી તેની ઉપર કશી જ અસર પહોંચતી નથી. કર્તા તત્ત્વ *(Doer - ism)* એ અંતઃકરણનું લક્ષણ છે. તેથી 'હું ' કર્તા હોવાનો દેખાવ ધારણ કરી તે કર્તવ્યના પરિણામનો ભોક્તા હોય એવો આભાસ કરાવે છે.

**પ્રશ્ન** :- એમ હોય તો આ વિશ્વમાં પ્રવેશ કર્યા વિષે અને અહીંથી છોડી બીજી સૃષ્ટિમાં પ્રયાણ કર્યા વિષે આપણે શી રીતે જાણી શકીએ ?

**ઉત્તર** :- અંતઃકરણ - લિંગદેહ, સંચિત કર્તવ્યકર્મની ગુણવત્તા અનુસાર એકમાંથી બીજાં વિશ્વમાં, એક જન્મ પૂરો કરી બીજામાં પ્રવેશ કરતો રહે છે. પ્રવેશ અને પ્રયાણ માત્ર લિંગદેહ પૂરતાં જ મર્યાદિત છે. ' તમે ' જે અવકાશરૂપ છો, સર્વ વ્યાપ્ત અને અસ્પૃશ્ય છો તેઓ માટે આ વિશ્વમાં પ્રવેશ કે બીજામાં પ્રસ્થાનને સ્થાન નથી. તમારું એ સ્વરૂપ નથી.

**પ્રશ્ન** :- તો પછી મોક્ષ પ્રાપ્તિ માટે શું કારણભૂત ગણવું ?

**ઉત્તર** :- એ માટે વિજ્ઞાન કારણભૂત છે.

**પ્રશ્ન** :- કેટલાક મહાપુરુષો કહે છે કે એ માટે યોગ કારણુભૂત છે. શું એ સાચું છે ?

**ઉત્તર** :- એ પણ સાચું છે. એક સ્થાને પહોંચવાના બે માર્ગો હોઈ ન શકે ?

**પ્રશ્ન** :- બેમાં સારો માર્ગ કયો ?

**ઉત્તર** :- બન્ને જ સારા અને મહત્ત્વના છે. બન્ને તમને એક જ લક્ષ્ય ભણી દોરી જાય છે. માત્ર તમે એકી વખતે બન્ને માર્ગોનો ઉપયોગ કરી શકો નહિ. ભક્તો અંતરપ્રેરણા અનુસાર ગમે તે એક માર્ગ પસંદ કરે છે અને એ માર્ગે સાધના આદરે છે. બન્ને, સાધકોને બંધનમુક્ત કરે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! યોગ વડે જ્ઞાનપ્રાપ્તિ થાય છે કે જ્ઞાન વડે યોગસિદ્ધિ ?

**ઉત્તર** :- યોગ જ્ઞાન આપે છે અને એ જ્ઞાન દ્વારા મોક્ષ સહેલાઈથી સિદ્ધ થઈ શકે છે, એ સત્ય છે.

**પ્રશ્ન** :- યોગથી શું થાય છે ? એથી શો લાભ થઈ શકે ?

**ઉત્તર** :- યોગ અગ્નિ સમાન છે અને એટલે જ " યોગાગ્નિ "એ શબ્દપ્રયોગ થાય છે. એ સર્વ પાપ બાળી ભસ્મ કરી નાંખે છે અને પરિણામે અંતઃકરણ વિશુદ્ધ બની જાય છે એ થાય છે ત્યાં જ્ઞાનનો ઉદય થાય છે. એ જ્ઞાનરૂપ ભવ્ય પ્રકાશ અજ્ઞાન અને ભ્રમરૂપ અંધકાર દૂર કરે છે અને એ જ છે મુક્તિ.

**પ્રશ્ન** :- શું યોગ આટલી બધી શક્તિ ધરાવે છે ?

**ઉત્તર** :- એ જ્યાં હકીકત છે ત્યાં પૂછવાનું શું રહ્યું ? માનવી ગમે એવો અભ્યાસી હોય, ગમે એવી ઊંડી એની અનાસક્તિ હોય, ગમે એવું ગહન જ્ઞાન એ ધરાવતો હોય પણ એ ઈન્દ્રિયો ઉપર વિજય ન મેળવે ત્યાં સુધી મોક્ષનો અધિકારી બની શકતો નથી. યોગ વિના આ બીજું બધું તેને પાપમુક્ત કરી શકતું નથી. જ્યાં સુધી પાપનો ભાવ દૂર ન થાય ત્યાં સુધી અંતઃકરણ વિશુદ્ધ બની શકતું નથી. વિશુદ્ધ અને પવિત્ર અંત : કરણના અભાવે જ્ઞાન સિદ્ધ થઈ શકતું નથી અને જ્ઞાન વિના મોક્ષ અસંભવ છે. માટે યોગ એ તો પાયાનો સિદ્ધાંત છે.

**પ્રશ્ન** :- સ્વામી ! આ સમજવું કંઈક મુશ્કેલ છે. દ્રષ્ટાંતોને આધારે સમજાવો તો અમને સહેલું પડશે.

**ઉત્તર** :- ઝંઝાવાત જામ્યો હોય ત્યારે કોઈ દીપક ચેતાવી શકે ખરું ? એમ જ જ્યારે વિષયવાસનાનું તુફાન જાગ્યું હોય ત્યારે જ્ઞાનદીપ કયાંથી ચેતાવી શકાય ! કદાચ ચેતાવશો તો ય એ તુરત ઓલાઈ જશે.

**પ્રશ્ન** :- યોગ દ્વારા શું પ્રાપ્ત થઈ શકે ?

**ઉત્તર** :- યોગ સર્વ પ્રકારની કામવૃત્તિ અને વિષયવાસનાનો સદંતર નાશ કરે છે. તે મન અને તેના આવેશોને શાંત પાડી દે છે.

**ॐ શાંતિ, શાંતિ, શાંતિઃ ।**

---

# ૯

# જ્ઞાન અને યોગ

**પ્રશ્ન** :- આપ કહો છો કે જ્ઞાન અત્યંત આવશ્યક છે; એવાં જ્ઞાનની સાચી ઉપયોગિતા શું છે ?

**ઉત્તર** :- જ્ઞાન તમને તમારું સાચું સ્વરૂપ - આમતત્ત્વ સમજવા શક્તિમાન બનાવે છે.

**પ્રશ્ન** :- અને યોગ ? કોઈ યોગનો માર્ગ ન સ્વીકારે તો શું પરિણામ આવે ?

**ઉત્તર** :- એવો માનવી અપંગ જેવો છે એમ કહી શકાય.

**પ્રશ્ન** :- અને માનવી જ્ઞાન પ્રાપ્ત ન કરી શકે તો ?

**ઉત્તર** :- એ અંધસમાન છે.

**પ્રશ્ન** :- એવું કહેવાય છે કે યોગ દ્વારા સર્વ કલંક મીટાવી શકાય છે. સર્વ દોષથી મુક્ત થવાય છે- એ શી રીતે ?

**ઉત્તર** :- ચોખા અગ્નિની સહાયથી પાણીમાં ઉકાળી પકાવીએ નહિ તો તે ખાઈ શકાય ખરા ? યોગ અને એવા બીજા નીતિધર્મ દ્વારા ચિત્તમાં મૃદુતા આવે છે. એ તપ (ઉષ્ણતા) કહેવાય છે, અને તપ વડે ચિત્ત તપ્ત બને છે. ઉપરાંત યોગ અને જ્ઞાન તેલ અને જ્યોત સમાન છે. યોગ એ તેલ છે અને જ્ઞાન દીપકની જ્યોત પ્રકાશિત કરનાર અગ્નિ છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આ પ્રશ્ન કરવા બદલ મને ક્ષમા કરજો. આજકાલ કેટલાંયે લોકો વેદાંતનો ઉપદેશ આપતા મળી આવે છે. શું તેઓએ આ સત્ય સિદ્ધ કરી તેની અનુભૂતિ કરી છે એમ માનવું ?

**ઉત્તર** :- એવું કેમ કહી શકાય ? તમે પોતે તેઓનું મૂલ્યાંકન કરી શકો. તેમાં હૃદયની, વિચારની અને મનની પવિત્રતા છે કે નહિ તે જુઓ; તેઓને અનુવ્યક્ત અને સર્વવ્યાપ્ત પરમાત્માનું જ્ઞાન છે કે નહિ તે જુઓ. માત્ર એવી વ્યક્તિઓને જ વેદાંતનું જ્ઞાન આપવાનો અધિકાર છે કારણ તેઓ જ માત્ર તે અનુભવી શકે છે.

**પ્રશ્ન** :- જેઓમાં આ ગુણો નથી તેઓનો ઉપદેશ કંઈક અંશે પણ લાભકારક બની શકે ખરો ?

**ઉત્તર** :- સ્વાદિષ્ટ વાનગીઓનું સુંદર વર્ણન ભૂખ્યા માનવીને સંતોષ આપી શકતું નથી. જે વેદાંત, એવા સુંદર શબ્દોમાં જ પૂરું થાય છે તેનું જ્ઞાન - સંતોષની ઈચ્છા હશે - તો અનુભવવું પડશે. ઉપરાંત જિજ્ઞાસા વિના સાંભળ્યા કરવાથી કશી અસર થતી નથી; એ વ્યર્થ છે. ગુરુ પોતે વિષયવૃત્તિથી સંપૂર્ણ

મુક્ત ન હોય તો તેનો ઉપદેશ ભણાવેલા પોપટની વાણીથી કંઈ જ વિશેષ નથી. જિજ્ઞાસા વિના સાંભળવા આવનાર ખોટો દેખાવ જ કરી રહ્યા હોય છે, એ માત્ર ભાવનાનું પ્રદર્શન છે.

**પ્રશ્ન** :- બાબા ! આપ કહો છો કે હૃદયની અને મનની પવિત્રતા તેમજ સર્વ વ્યાપ્ત અને સર્વથી પર એવા પરમાત્માનું જ્ઞાન આવશ્યક છે તો પછી પંચતત્ત્વના બનેલાં આ શરીર દ્વારા જે સાધના કરવામાં આવે તેનો શો ઉપયોગ ? પોતાના સાચાં સ્વરૂપ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું પૂરતું નથી ?

**ઉત્તર** :- ધન્ય છે તને ! નૌકાનું સુકાન આવશ્યક છે એટલે હવે નૌકાની કંઈ જરૂર નથી એમ જ ને ? માત્ર સુકાન વડે તમે નદીને પાર શી રીતે કરી શકો ? પ્રભુએ સંસારસાગર પાર કરવાને તમને આ દેહરૂપ અમૂલ્ય સાધન આપ્યું છે અને ચિત્ત તેમાં પ્રધાન છે. એ વાત કદી ભૂલશો નહિ. એ જ્ઞાન તે વેદાંતનું પહેલું પગથિયું છે. સ્વસ્વરૂપ - જ્ઞાન ખરી રીતે તો સુકાનને સ્થાને છે. પણ એટલું પૂરતું નથી; સ્થૂળ દેહના ગુણદોષ પ્રત્યે લક્ષ્ય આપી નીતિનિયમોનું પાલન પણ કરવાનું રહે છે. અવ્યક્ત શાશ્વત સ્વરૂપની પ્રાપ્તિ માટે શિસ્તમય અને નિયમબદ્ધ દેહરૂપ મહત્ત્વનું છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! મને બીજી એક શંકા છે. દૈહિક નીતિધર્મની ચર્ચા થઈ રહી છે ત્યારે હું જાણી શકું કે બ્રહ્મવિદ્યા પુરુષ અને સ્ત્રીનો ભેદ ગણે છે કે કેમ ?

**ઉત્તર** :- અરે બાળક ! એ નૌકા એવો કોઈ ભેદ ગણતી નથી. બ્રહ્મવિદ્યા અને ચિત્ત શુદ્ધિ, જાતિ (લિંગ) ઉપર આધાર રાખતી નથી. જેઓ બીમાર છે તેઓ સર્વે રોગનિવારક ઔષધનો અધિકાર ધરાવે છે, ખરું ને ? એમ જ જેઓને જન્મ - મરણરૂપ ભવરોગ લાગ્યો છે તેઓ તેને મટાડનાર બ્રહ્મવિદ્યાનો અધિકાર ધરાવે છે. એ અલૌકિક ઔષધિ મેળવવા સૌ કોઈ શક્તિમાન ન હોય એવું બને; પણ એવા કેટલાકને તેનો અધિકાર નથી એમ તો તમે ન જ કહી શકો.

**પ્રશ્ન** :- સ્વામીજી ! કેટલાક વેદાંત વિશારદો કહે છે કે સ્ત્રીઓને બહ્મવિદ્યા જાણવાનો કે તેનો અમલ કરવાનો અધિકાર નથી. જાણે એમ લાગે છે કે બધી નૌકા એક જ સ્વરૂપની નથી.

**ઉત્તર** :- પ્રિય બાળક ! મેં કહ્યું તે પ્રમાણે બંનેને ઉપચારનો સરખો અધિકાર છે. પણ બંનેએ વિશિષ્ટ નિયમોનું પાલન કરવાનું છે કે જેથી એમના દેહતંત્ર ઉપર અવળી અસર ન થાય. બ્રહ્મભાવના એટલે કે પેતાના મૂળસ્વરૂપ પરમતત્ત્વનું ધ્યાન- એ ઔષધ છે. એ સાથે જ્ઞાન અને વૈરાગ્યની સખ્ત પરેજી - એ નીતિનિયમનું પાલન – આવશ્યક છે.સ્ત્રી અબળા હોઈ પુરુષની જેમ એ પરેજીનું કડક પાલન ન કરી શકે એ બનવાજોગ છે. જે કોઈ સ્ત્રીઓ આ અધિકારથી વંચિત હોવાની વાતો કરે છે તેઓ કદાચ સ્ત્રીની આ નિર્બળતાને લક્ષ્યમાં લઈ એવું કહેતા હશે. પણ સત્ય એ છે કે સ્ત્રી હોય કે પુરુષ સર્વ કોઈ જેઓ નિરોધ અને નિયમોનું પાલન કરી શકે તે સૌને બ્રહ્મવિદ્યારૂપ ઔષધિનો લાભ લેવાનો પૂર્ણ અને સમાન અધિકાર છે. એ મારો નિર્ણય છે.

# ૧૦

# બ્રહ્મ વિદ્યા અને સ્ત્રીઓ

**પ્રશ્ન** :- આપ સખ્ત પરેજી વિષે કહી રહ્યા હતા. પુરુષોએ પણ તેનો અમલ કરવાનો હોય છે, ખરું ને ?

**ઉત્તર** :- અલબત્ત. તેઓ પણ સ્નાયુ અને રક્તયુક્ત દેહ ધરાવે છે. તેઓ પણ રોગગ્રસ્ત છે. પ્રત્યેક વ્યક્તિ જે જન્મ - મરણના ચક્રરૂપ રોગથી પીડાય છે તેને ઉપચારની જરૂર છે અને જે કોઈ એનો આશરો લે છે તે સૌને એના નીતિનિયમોનું પાલન કરવાનું હોય છે. સ્ત્રી કે પુરુષ જે કોઈ એની અવગણના કરશે કે એ પ્રત્યે બેદરકાર રહેશે તે રોગનું નિવારણ કરી શકશે નહિ. પુરુષો એમ ન કહી શકે કે તેઓને એ નિયમો બંધનકર્તા નથી. તેઓએ પણ તેનું ચીવટતાથી પાલન કરવાનું રહે છે. તેમને બ્રહ્મોપદેશનો લાભ મળ્યો હોય એટલે કે બ્રહ્મસિદ્ધિ ને આધ્યાત્મિક માર્ગે તેમણે પ્રસ્થાન આદરી દીધું હોય પણ જો તેઓ સમ અને દમ જેવાં ગુણલક્ષણોથી વંચિત હોય તો તેઓ પોતાને ઉગારી શકતાં નથી પછી તેઓ પુરુષો હોય કે સ્ત્રીઓ.

**પ્રશ્ન** :- તો પછી સ્વામીજી ! અનેક શાસ્ત્રવિદો સ્ત્રીઓને બ્રહ્મવિદ્યાનો અધિકાર નથી એવું શા માટે જાહેર કરતા ફરે છે. એ માટે શું કારણભૂત છે ?

**ઉત્તર** :- સ્ત્રીઓને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનો અધિકાર નથી એવું કહેવાને કોઈ કારણ નથી. વિષ્ણુમૂર્તિએ ભૂદેવીને ગીતાની ભવ્યતાનું જ્ઞાન આપ્યું; ગુરુ - ગીતા દ્વારા પરમેશ્વરે પાર્વતીને બ્રહ્મતત્ત્વનો બોધ આપ્યો. "पार्वती उवाच..."એમ ગુરુ - ગીતા કહે છે તેનો એ જ અર્થ છે. એ ઉપરાંત ઈશ્વરે પાર્વતીને યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રનું જ્ઞાન પણ આપ્યું.બૃહદારણ્ય ઉપનિષદમાં યાજ્ઞવલ્કયે મૈત્રેયીને બ્રહ્મવિદ્યાનો બોધ આપ્યાનો ઉલ્લેખ છે, અને આ જાણીતી વાત છે. હવે આ વાતનો તમે જ વિચાર કરો અને સ્ત્રીઓને બ્રહ્મવિદ્યાનો અધિકાર છે કે નહિ એ વિષે તમે પોતે જ નિર્ણય કરો.

**પ્રશ્ન** :- સ્વામીજી ! બીજા કેટલાક એમ કહે છે કે સ્ત્રીઓને બ્રહ્મચર્ય તેમજ સન્યાસનો હક નથી.શું એ સત્ય છે ? વેદોમાં શું એ વાતનો નિષેધ છે ?

**ઉત્તર** :- વેદોના બે વિભાગ છે : કર્મકાંડ અને જ્ઞાનકાંડ. કર્મકાંડ પ્રાથમિક અને કાચા અભ્યાસીઓ માટે છે. જ્ઞાનકાંડ આગળ વધેલા અભ્યાસીઓ અને જેઓએ બુદ્ધિનો સારો એવો વિકાસ સાધ્યો છે એવા માટે છે. આના સંદર્ભમાં સ્ત્રી કે પુરુષ પ્રત્યે કોઈ નિર્દેશ નથી. જેઓ પ્રાથમિક કક્ષાએ છે તેઓ હજુ દુન્યવી રંગે રંગાયેલા છે; તેઓ આત્મવિષયક જ્ઞાનકાંડનો અમર સંદેશ શી રીતે સમજી શકે ? બૃહદરણ્યમાં બ્રહ્મચર્ય અને સન્યાસ ક્ષેત્રે ભવ્ય આધ્યાત્મિક સિદ્ધિ વડે દૈદિપ્યવાન એવાં ગાર્ગી અને મૈત્રેયીનો ઉલ્લેખ છે. મહાભારતમાં પણ શુભ યોગિની અને બીજી દિવ્ય ગુણ ધરાવનારી આદર્શ

નારીઓનો ઉલ્લેખ આવે છે.

**પ્રશ્ન** :- ગૃહસ્થાશ્રમમાં ગૃહિણી તરીકેનો પોતાનો ધર્મ બજાવતાં રહીને પણ સ્ત્રી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે ખરી ?

**ઉત્તર** :- કેમ નહિ ! ગૃહિણીને સ્થાને રહીને જ મદાલશા અને બીજી સ્ત્રીઓ બ્રહ્મજ્ઞાન મેળવી શક્યાં હતાં.યોગવશિષ્ઠ અને પુરાણોમાં તેઓએ શુભગતાનું શિખર - ખૂદ બ્રહ્મજ્ઞાન શી રીતે સિધ્ધ કર્યું એ વિષે તમે વાંચ્યું હશે.એ ઉપરાંત ઉપનિષદોમાં નથી કહ્યું કે કર્ત્યાયિની, સારંગી સુલભા, વિશ્વવેદા અને બીજી સ્ત્રીઓ બ્રહ્મજ્ઞાનમાં પારંગત હતી.

**પ્રશ્ન** :- એનો અર્થ ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મજ્ઞાન સિદ્ધ કર્યું હોય એવી સ્ત્રીઓ છે એમ સ્વામીજી ? અને સન્યાસ્થાશ્રમ અપનાવી એ સિદ્ધિ મેળવનાર સ્ત્રીઓ પણ છે ? કે વાનપ્રસ્થાશ્રમમાં અને બ્રહ્મચર્યાશ્રમમાં એ જ્ઞાનસિદ્ધિ મેળવનાર સ્ત્રીઓ પણ છે ખરી ?

**ઉત્તર** :- એમ ન માનશો કે એ ચારેમાંથી કોઈ પણ અવસ્થામાં બ્રહ્મજ્ઞાન સિદ્ધ કરનાર સ્ત્રીઓ નથી. ગૃહસ્થાશ્રમમાં ચૂડાલાએ એ પ્રાપ્ત કર્યું; સુલભા યોગિનીએ સન્યાસિની તરીકે એ જ્ઞાન સિદ્ધ કર્યું; મૈત્રેયીએ વાનપ્રસ્થાશ્રમમાં અને ગાર્ગીએ બ્રહ્મચર્યાશ્રમમાં એ સિદ્ધિ મેળવી. ભારતવર્ષની બીજી મહાન નારીઓએ પણ એ સિદ્ધિનું શિખર સર કર્યું છે. અરે ! આજે પણ અનેક નારીઓ જીવે છે કે જેને એ ઉચ્ચ કક્ષાએ મૂકી શકાય. મેં માત્ર ચાર નામો આપ્યાં તે એટલા માટે કે તમને આ તબક્કે એ પ્રશ્ન સ્ફૂર્યો; માટે નિરાશ બની જઈ નિરુત્સાહ થવાને કશું જ કારણ નથી. હૈયાંની હામ ખોવાની કોઈ જરૂર નથી - એ માટે કોઈ અવકાશ જ નથી.

# ૧૧

# આશ્રમો અને વર્ણો

**પ્રશ્ન** :- જેમણે બ્રહ્મજ્ઞાન મેળવ્યું છે એવી સ્ત્રીઓના આપણી પાસે આટલાં બધાં દ્રષ્ટાંતો છે તો પછી અનેક વ્યક્તિઓ એ સામે વિવાદ શાથી માંડી બેઠી છે ? સ્ત્રીઓ ઉપર આવાં બંધનો શાથી લાદવામાં આવે છે ?

**ઉત્તર** :- સ્ત્રીઓને બ્રહ્મજ્ઞાનના અધિકારથી વંચિત ગણવી એ સાવ જ અયુક્ત છે. એ સાચું છે કે દુન્યવી વ્યવહારમાં તેમણે અમુક મર્યાદાઓનું પાલન કરવું આવશ્યક છે. એ નિયમો ધર્મ અને લોકકલ્યાણના હિતની દ્રષ્ટિએ ઘડી કાઢવામાં આવ્યા હોય છે, સામાજિક સ્વાસ્થ્ય અને નૈતિક ધોરણે જાળવી રાખવા માટે સ્ત્રીઓએ એ નીતિધર્મનું પાલન કરવું જરૂરી ગણવામાં આવ્યું છે. જીવન અને શિષ્ટાચારના ઉચ્ચ ધોરણો જાળવી અને ટકાવી રાખવા માટે સ્ત્રીઓ જોઈએ એટલી શક્તિશાળી નથી હોતી. અમુક કુદરતી અવરોધો તેઓને વિક્ષેપકારક બનતા હોય છે અને એ જ મેં જણાવેલી મર્યાદાઓ માટે કારણભૂત છે – એથી વિશેષ કશું જ નહિ.

હવે આનો અર્થ એવો નથી કે સ્ત્રીઓ મૂળભૂત રીતે પુરુષો કરતાં ઉતરતી કક્ષાની છે. દેવી સરસ્વતી પ્રત્યેની ભક્તિ અને ઉપાસનાને પરિણામે શાસ્ત્રજ્ઞ પંડિતો જ્ઞાન પ્રાપ્ત કરે છે એનો વિચાર કરો.વિદ્યા, લક્ષ્મી અને જ્ઞાનની દેવીઓની (દેવોની નહિ) આપણે પૂજા કરીએ છીએ; અને તે છે સરસ્વતી, લક્ષ્મી અને પાર્વતી. સામાન્ય પત્રવ્યવહારમાં પણ સ્ત્રીને આપણે લક્ષ્મીસ્વરૂપ કે લક્ષ્મીતૂલ્ય... તરીકે સંબોધીએ છીએ. તમે હમેશાં માતાપિતા, ગૌરી - શંકર, લક્ષ્મી - નારાયણ, સીતા - રામ, રાધા - કૃષ્ણની વાતો કરતા હો છો અને તેમાં સ્ત્રીનું નામ પ્રથમ અને પુરુષનું તેના પછી આવે છે એ તમે જોઈ શકો છો. આ ઉપરથી તમે કલ્પના કરી શકશો કે ભારતમાં નારીને કેટલી પૂજનીય ગણી તેનું ગૌરવ કરવામાં આવે છે.

**પ્રશ્ન** :- પુરુષ અને સ્ત્રી વચ્ચેના માનવામાં આવતા ભેદને આપ મિથ્યા જ્ઞાન ગણી તેની અવગણના કરશો કે આપ એને આત્મજ્ઞાનના અંશરૂપ ગણશો ?

**ઉત્તર** :- અરે ભલા માણસ ! ' આત્મા ' એવા કોઈ ભેદનો વિષય નથી. એ તો શાશ્વત ચૈતન્યરૂપ, પરમપવિત્ર અને સ્વયં પ્રકાશિત છે. માટે તમે જેની વાત કરો છો તે મિથ્યાજ્ઞાન જ હોઈ શકે, આત્મજ્ઞાન કદી નહિ. એ તુલના સ્ત્રીની કુદરતી મર્યાદા કે આવરણ ઉપર આધારિત છે. આત્મા નથી સ્ત્રીલિંગ, પુલિંગ કે નાન્યતર. માત્ર સ્વરૂપ ભ્રમ અને મર્યાદા ઊભાં કરે છે અને એ કારણે ભિન્ન ભિન્ન નામોની સૃષ્ટિ સર્જાય છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! ચાર આશ્રમો - બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ - એમાં મૂળભૂત

રીતે કયો વધારે મહત્ત્વનો ગણાય ?

**ઉત્તર** :- જેમ સર્વ જીવંત પ્રાણીઓ પ્રાણવાયુ ઉપર નિર્ભર છે. તેમ સર્વ આશ્રમો ગૃહસ્થાશ્રમ પર આધારિત છે, તે બાકીના સૌને માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરે છે અને તેમનો વિકાસ કરે છે. તે વેદાભ્યાસને ઉત્તેજન આપે છે અને ધર્મ શાસ્ત્રોનું રક્ષણ કરે છે. આમ ગ્રહસ્થાશ્રમ સૌથી વધારે મહત્વનો છે.શ્રુતિમાં નારદ, પરિવ્રાજકોપનિષદ અને મનુધર્મ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે જે ગૃહસ્થ તેના આશ્રમધર્મનું અણિશુદ્ધ પાલન કરે છે તે સર્વોચ્ચ સન્માનને લાયક છે.

**પ્રશ્ન** :- પણ સ્વામીજી ! કેટલાક કહે છે કે સન્યાસી ગૃહસ્થ કરતાં ચડિયાતો છે- એ કેટલે અંશે સાચું છે ?

**ઉત્તર** :- આશ્રમ ગમે એ હોય, જો માનવી તે અવસ્થાનો જે ધર્મ છે તેને અનુસરી વ્યવહારમાં તેનું યથાર્થ પાલન કરે અને દ્રઢતાપૂર્વક મુક્તિ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે તો નિસંશય તે એ પ્રાપ્ત કરશે. આત્મજ્ઞાનની સિદ્ધિ માટે હવે કયો આશ્રમ જુદો કાઢી *(reserve)*રાખીશું એ વિચારવાનું રહેતું નથી.બધામાં જ એ સિદ્ધિની તક રહેલી છે. કોઈ શ્રેષ્ઠ નથી તેમ કોઈ ઉતરતો નથી. ચારિત્ર્ય અને વ્યવહાર માત્ર શ્રેષ્ઠ કે અધમ હોઈ શકે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એવું કહેવામાં આવે છે કે ગૃહસ્થાશ્રમ બંધનકર્તા છે અને બ્રહ્મચર્ય તથા સન્યાશ્રમ મુક્તિદાયક છે. એ મત શી રીતે ઘડાયો ?

**ઉત્તર** :- હું એ સાથે સંમત નથી. - જે કોઈ નીતિને માર્ગે ધન પ્રાપ્ત કરે છે, જે અતિથિઓનું સન્માન કરે છે, જે પોતાના સાથીઓ અને સમાજની સેવા કરી તેઓને પ્રસન્ન કરે છે તે, જેઓ શાસ્ત્રોમાં પારંગત છે અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં દ્રઢતાપૂર્વક માને છે, તેઓની જેમ જ મુક્તિરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. કોઈ સન્યાસી કે બ્રહ્મચારી હોય એટલાથી જન્મમરણનો ભવસાગર પાર કરી શકતું નથી. અરે, ઉચ્ચ કુલીનતા, સાધુત્વની સિદ્ધિ, સન્યાસીનું ઉચ્ચ પદ કે ગહન વિદ્વત્તા એમાંનું એકલું કશું જ કામ આવતું નથી. એ સાથે સ્વધર્મનું નિષ્ઠાયુક્ત પાલન, શાસ્ત્રાભ્યાસ અને જપધ્યાનયુક્ત નીતિમય આધ્યાત્મિક જીવન એ સર્વ હોય તો જ અંતિમ વિજય સિદ્ધ થઈ શકે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આ ચારે આશ્રમોમાં માનવીએ કયા કયા ગુણોનો વિકાસ સાધવો જોઈએ કે જેથી તે તે અવસ્થા સાર્થક કરી તે પોતાની જાતને ઉગારી શકે ?

**ઉત્તર** :- એવા દશ ગુણો છે કે જે સર્વ મળી સાધકનો ધર્મ માર્ગ બની રહે છે : દયા, અસ્તેય, ધી, વિદ્યા, સત્ય, ઈન્દ્રિયનિગ્રહ, શુચ, ક્ષમા, ધૃતિ અને અક્રોધ. ગમે એ આશ્રમમાં જીવતા હો, પ્રત્યેક વ્યક્તિએ આ દશ ગુણધર્મ કેળવવાની આવશ્યકતા છે. તમે ગમે ત્યાં હો, ગમે તે સ્થિતિમાં હો – એ વડે તમે તમારું ધ્યેય સિદ્ધ કરી મુક્ત બની જશો અને જેણે એ ગુણો સંપાદન કર્યા નથી તેનો ગમે એ આશ્રમ હોય - તેનું જીવન વ્યર્થ માનવું. જીવનની દિનચર્યા અને જીવનવ્યવહાર અત્યંત મહત્ત્વની વાત છે અને

તેમાં આ દશ ગુણધર્મો પ્રતિબિંબિત થવા જોઈએ. શ્રીકૃષ્ણે અર્જુનના પ્રશ્નના જવાબમાં બરાબર આજ સત્ય ભારપૂર્વક સમજાવ્યું હતું.

---

# ૧૨

# શાસ્ત્રો અને સન્યાસ

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપે કહ્યું કે આ દશ નિયમો અનુસાર કરવામાં આવતાં નિત્યકર્મના મહાત્મ્ય વિષે અર્જુને શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો હતો. એનો શ્રીકૃષ્ણે શો ઉત્તર આપેલો ?

**ઉત્તર** :- શ્રીકૃષ્ણે કહ્યું હતું, સાંખ્યયોગીઓ કે જ્ઞાનયોગ સિદ્ધ કરનારા જે ઉચ્ચ કક્ષાની મુક્તિના અધિકારી બની શકે છે એ જ મુક્તિ નિષ્કામ કર્મયોગીએ પણ સિદ્ધ કરી શકે છે; બન્ને એક જ પરિણામના અધિકારી છે. આ સત્ય છે એમાં સંશયને સ્થાન નથી. આમ ગૃહસ્થ અને સન્યાસીમાં આ દ્રષ્ટિએ કશો જ ભેદ નથી. આવશ્યક છે માત્ર અખંડ અભ્યાસ અને નિષ્ઠાયુક્ત ધર્મકાર્ય. એ તૃષ્ણાનો ત્યાગ માગી લે છે અને એ માટે નિરભિમાન તથા અપરિગ્રહ જ નહિ પણ સર્વાંગી પ્રવૃત્તિવિચારથી મુક્ત એવું બ્રહ્મતત્ત્વનું એકાગ્ર અને અખંડ ધ્યાન આવશ્યક છે. જેણે આટલું સિદ્ધ કર્યું છે એને વિશાદનું કોઈ કારણ રહેતું નથી. કારણ તેની અજ્ઞાનતા સર્વાંશે દૂર થઈ જાય છે. જે જ્ઞાની એ કક્ષાએ પહોંચ્યો છે તે અસત્ય અશાશ્વતના મોહમાં કદિ ફસાતો નથી. જીવનની અંતિમ ક્ષણે પણ કોઈને આ જ્ઞાન થાય તો પણ જન્મ - મરણના ચક્રમાંથી એ અવશ્ય મુક્ત થઈ જાય છે. ”

**પ્રશ્ન** :- તો પછી આ જ્ઞાતિ અને વર્ણ -વ્યવસ્થાની સ્થાપનાનું પ્રયોજન શું ?

**ઉત્તર** :- તે માત્ર માનવીનું સ્થૂળ સ્વરૂપ સૂચવે છે. સર્વ કોઈના આધ્યામિક સ્વરૂપને એની કોઈ અસર પહોંચતી નથી. એ સાચું છે કે સ્થૂળ સ્વરૂપમાં બુદ્ધિ, મન, ચિત્ત, અતઃકરણ વગેરે આવી જાય છે. જ્યાં સુધી એ સર્વ યથાર્થ રીતે કેળવવામાં ન આવે અને તેનું કડક નિયમન ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન થઈ શકતું નથી. જાતિ, સંપ્રદાય, ધર્મ, એ સૌ માનવીની સાહજિક વૃત્તિઓ અને તેની કામનાઓનું નિયમન કરી તેને ઊર્ધ્વ માર્ગ અને સાત્ત્વિકતા પ્રતિ વાળવા માટે છે. એ જ કારણે જ્ઞાનીઓએ એનો સ્વીકાર કરી તેને માન્યતા આપી છે. આત્માના સ્વરૂપનો નિર્દેષ કરવાનો હોય તો એમ કહી શકાય કે તે સત્, ચિત્ અને આનંદસ્વરૂપ છે. એ એના લક્ષણો છે. અંતર, મન અને બુદ્ધિની પવિત્રતાને માર્ગે જ આત્મસિદ્ધિ - આત્મસાક્ષાત્કાર શક્ય બની શકે છે. જે માનવીમાં એ પવિત્રતા છે - પછી ગમે તે વર્ણ કે આશ્રમનો હોય - તે મોક્ષ પ્રાપ્ત કરે છે એમ આપણા શાસ્ત્રો સ્પષ્ટ કહે છે. માનવી ભલે અરણ્યની નિર્જનતામાં જઈને વસે પણ એના મનમાં જો આસક્તિ રહી ગઈ હોય કે કોક પ્રત્યે ધિક્કારની લાગણી હજુ બાકી હોય તો - તેની ભક્તિ કે સાધના દોષયુક્ત હોઈ અસફળ રહેશે અને એથી ઊલટું એક માનવી ગૃહસ્થાશ્રમમાં આપ્તજનો વચ્ચે વસતો હોય પણ તે જો ઈન્દ્રિયનિગ્રહ સિદ્ધ કરી દોષમુક્ત જીવન જીવતો હોય તો તે સાચો તપસ્વી બની રહે છે. જે કર્મમાં પ્રવૃત્ત છે તેનો અનાદર હોતો નથી; જે અધર્મકાર્ય કરતો નથી તે જ્ઞાની બનવાનો - જ્ઞાનીના સ્થાનનો પૂરેપૂરો અધિકાર ધરાવે છે. જે અનાસક્ત છે તેને મન ઘર - ગૃહ, આશ્રમ જ છે. સંસારમાં રહીને પણ વ્યવસાય, વૈભવ, યજ્ઞ અને એવાં સાધનો

તથા ધર્મ કાર્ય અને કર્મકાંડ દ્વારા મુક્તિ સિદ્ધ થઈ શકે છે. એ સિદ્ધિ અર્થે આવશ્યક છે માત્ર આસક્તિયુક્ત અપવિત્રતાથી મુક્તિ.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આપે કહ્યું કે અમુક થઈ શકે છે અને અમુકનો નિષેધ છે. એ વિષે શી રીતે નિર્ણય કરવો. એવી માન્યતાની અધિકૃતિ શું ?

**ઉત્તર** :– શાસ્ત્રો એ જ અધિકૃતિ. દ્રષ્ટાંત મનુસ્મૃતિમાં સ્પષ્ટ કહ્યું છે કે વર્ણો અને આશ્રમો માત્ર સ્થૂળ સ્વરૂપના શુદ્ધીકરણ માટે છે અને ઉત્કૃષ્ટ ધ્યેય કે અવસ્થા છે તેની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ ઉપર તેની કશી જ અસર થતી નથી.

**પ્રશ્ન** :– એમ હોય તો પછી વર્ણો અને આશ્રમો અને તેના બાધક નીતિનિયમોની ઉપાધિ શા માટે ?

**ઉત્તર** :- તમે આસક્તિ કે રાગથી મુક્ત બની જાઓ ત્યાં સુધી એ નીતિનિયમોની આવશ્યકતા છે. બરાબર ત્યાં સુધી અને તેને ખાતર એ નિયમો, મર્યાદા અને બંધનકર્તા નિષેધ વચનોનું અક્ષરશઃ પાલન જરૂરી છે.

રોગમુક્ત ન થવાય ત્યાં સુધી ઔષધ ચાલુ રાખવું જ પડે છે. પ્રત્યેક પ્રકારની બીમારીના નિવારણ માટે અમુક એક દવા લેવાની હોય છે, ખરું ને ? અને સાથે જુદા જુદા આહાર અને પરેજીના નિયમ પાળવાના હોય છે. રોગમુક્ત થયા પછી બીજા સાથે મિજબાનીની મોજ માણવામાં સામેલ થઈ શકાય. આ વાતનો સ્વીકાર ન થાય અને રોગી અને રોગરહિત બધા એક જ મિજબાની ઉડાવવાનો આગ્રહ રાખે તો એમાંથી મોટી આપત્તિ સર્જાય. જેઓ ભવરોગ અથવા દુન્યવી આસક્તિ અને દૂષણોથી પીડાય છે તેઓ માટે વર્ણો અને આશ્રમો ઔષધરૂપ છે. રાગ *(attachment)* એ રોગ *(illness)* છે અને રોગ સખ્ત પરેજી કરીને દૂર કરી શકાય. તમે જ્યાં સુધી સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત ન કરો ત્યાં સુધી તમે મુક્ત નથી. વેદાંતનો આ સાચો અર્થ છે. જેને આ વાતનું જ્ઞાન છે - પછી તેનો આશ્રમ ગમે એ હોય – તે મુક્તિ મેળવી શકે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એવા કોઈ મહાત્માઓ છે કે જેમણે ગૃહસ્થાશ્રમમાં રહી મોક્ષ પ્રાપ્ત કર્યો હોય ?

**ઉત્તર** :- જનક, અશ્વપતિ, દિલીપ - એઓ ગૃહસ્થાશ્રમમાં જીવતાં મોક્ષ પ્રાપ્ત કરનારના જ્વલંત દ્રષ્ટાંતો છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! શ્રુતિના આદેશ અનુસાર શું એ જરૂરી નથી કે માનવીએ બ્રહ્મચર્યાશ્રમના ધર્માચરણ પછી, ગૃહસ્થાશ્રમમાંની અવસ્થામાંથી પાર ઉતરી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશી તેના નીતિધર્મનું યથાર્થ પાલન કરી પછી જ સંપૂર્ણ ત્યાગયુક્ત સન્યાસ ધારણ કરવો ? કે પછી બીજી બધી અવસ્થાઓ પાર કર્યા પહેલાં સન્યાસ અપનાવી શકાય ?

**ઉત્તર** :- હા. જે ક્ષણે દુન્યવી જીવન અને પદાર્થો પ્રત્યે સંપૂર્ણ અનાસક્તિ થઈ તે ક્ષણ સન્યાસ ધારણ કરવાની છે. એવી તક જો ઝડપી ન લેવાય તો માનવીનું પતન અનિવાર્ય છે. તમે ગમે એ અવસ્થા યા આશ્રમમાં જીવતા હો, તમારામાં દ્રઢ અનાસક્તિભાવ જાગે તે ક્ષણે તમે સન્યાસાશ્રમમાં પ્રવેશી શકો છો – પ્રવેશી ચૂક્યા છો એમ માનવું. એવો કોઈ અફર નિયમ નથી કે તમારે પહેલા ત્રણ આશ્રમોમાંથી પસાર થવાનું ફરજિયાત છે અને એ પણ શ્રુતિનો જ આદેશ છે. એનું કારણ એ છે કે એવો પવિત્ર આત્મા આગળના આશ્રમોમાં પ્રાપ્ત કેળવણી અને કસોટીમાંથી પસાર થઈ ચૂકયો છે એ સ્પષ્ટ છે; પૂર્વજન્મના પ્રવૃત્તિક્ષેત્રે એ પવિત્રતારૂપ સિદ્ધિ એણે પ્રાપ્ત કરી લીધી છે. એની વિનાશક વૃત્તિઓ નિર્મૂળ થઈ છે અને પૂર્વજન્મોમાં જ પ્રાગતિક અને આત્મોધ્ધારક વૃત્તિઓનો વિકાસ થઈ ચૂક્યો છે એની પ્રતીતિ એમાં મળી રહે છે.

**પ્રશ્ન** :- પૂર્વજન્મોમાં એ પરિવર્તન અને આત્મરૂપાંતર થઈ ચૂકયું છે એ શી રીતે જાણવું ? એવાં કોઈ ચિહ્નો છે કે જેની સહાયથી આપણે સમજી શકીએ કે અમુક એક આશ્રમ કે અવસ્થા કુદાવી શકાય- જતી કરી શકાય : જો હોય તો કૃપા કરી કહો.

**ઉત્તર** :- સ્પષ્ટ ચિહ્ન એ છે કે એવી વ્યક્તિને આગળના ત્રણ આશ્રમો પ્રત્યે કોઈ આકર્ષણ નથી કે આસક્તિ નથી. પૂર્વજન્મોમાં અનાસક્તિભાવનો વિકાસ થયો હોય તો વિષયવૃત્તિનો અભાવ દેખાઈ આવશે. આત્મા જ સત્ય છે એવું જ્ઞાન થયું હોય અને ત્યાગવૃત્તિ જાગે તો એવી વ્યક્તિ આગળના આશ્રમો પ્રત્યે ઉદાસીન રહેશે અને તેની અવગણના કરી દુન્યવી જીવનનો ત્યાગ કરશે. શ્રુતિમાં આ સત્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પણ એ વાત મહત્ત્વની છે કે જે વ્યક્તિ સન્યાસની દીક્ષા આપે તેણે પ્રથમ એ વાતની ખાતરી કરી લેવી જોઈએ કે જેને સન્યાસ આપવામાં આવે છે તે વ્યક્તિ સર્વ પ્રકારની કામના અને આસક્તિથી મુક્ત છે – પર છે. જેનું મન કોઈ પણ વૃત્તિના આવેશ કે ઉશ્કેરાટથી મુક્ત છે તેને જ સન્યાસ આપવો જોઈએ કારણ એવી વ્યક્તિને જ અનાસક્ત ગણાવી શકાય. શિષ્યે પોતે પણ આત્મપરીક્ષણ કરી જોઈ લેવું જોઈએ કે તેનું અંતરતમ ચૈતન્ય- મન, પ્રાગતિક તો શું પણ સચેત અને નિશ્ચેત ગુણોથી પણ મુક્ત છે. જો એ રીતે તે મુક્ત નહિ હોય તો તે સન્યાસાશ્રમના નીતિધર્મનો ભંગ કરી સાધુસમાજની બહાર ફેંકાઈ જશે એટલું જ નહિ પણ એ અસહ્ય પરિસ્થિતિના બોજને પરિણામે તેની હિંમત અને તેનું મન ભાંગી પડશે અને તેનો કરુણ અંત આવશે.

**પ્રશ્ન** :- સન્યાસ એક જ પ્રકારનો છે કે એના વિવિધ સ્વરૂપો છે તે વિષે કહેશો ?

**ઉત્તર** :- સન્યાસ ત્રણ પ્રકારના છે : દેહસન્યાસ, મનોસન્યાસ અને આત્મસન્યાસ.

**પ્રશ્ન** :- દેહસન્યાસનો શો અર્થ થાય ?

**ઉત્તર** :- દેખાવ પૂરતો સન્યાસ- બાહ્ય દેહસ્વરૂપને સબંધ છે ત્યાં સુધીનો સન્યાસ તે દેહસન્યાસ. એવી વ્યક્તિ ભગવાં વસ્ત્રો ધારણ કરશે, નવા નામ અને સ્વરૂપ ધારણ કરશે પણ તેને આત્મજ્ઞાન નહિ હોય. પાર્થીવ પદાર્થોને વળગી સ્થૂળ કામનાવશ એ ભમતો રહેશે અને બધી દ્રષ્ટિએ તેનું વાસ્તવિક

સ્વરૂપ સામાન્ય માનવીઓ જેવું જ હશે.

**પ્રશ્ન** :- અને મનોસન્યાસ એટલે ?

**ઉત્તર** :- મનોસન્યાસમાં વ્યક્તિ સર્વ કામના અને મનોવ્યાપાર થંભાવી દે છે. મન ઉપર તે સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપે છે. તે વૃત્તિઓ કે આવેશથી દોરાતો નથી અને તે સર્વદા શાંત અને ગંભીર નજરે પડે છે.

**પ્રશ્ન** :- આપે ત્રીજો આત્મસન્યાસ ગણાવ્યો, એનો અર્થ ?

**ઉત્તર** :- એમાં સાધક આત્મા સિવાયના સર્વ વિચારો અને આત્માને લગતી ન હોય એવી સર્વ વાતો સાથેનો સંબંધ તોડી નાંખે છે, કારણ કે તે अहम् ब्रह्मास्मि - એ સત્ય સ્વરૂપના - પરમતત્ત્વના ધ્યાનમાં નિરંતર લીન રહે છે. પોતે આત્મસ્વરૂપ હોવા વિષે તે દ્રઢપણે જાગૃત હોય છે; એનો આનંદ અવિરત અખંડ હોય છે. એને અમૃત સન્યાસ કહેવામાં આવે છે. ભવ્ય સૂર્ય મંડળની ઓજસ્વીતામાંથી પ્રકટ થતાં કિરણો જ ગાઢ અંધકારને વીંધી તેને દૂર કરી શકે તેમ આત્મસન્યાસરૂપ પ્રકાશ વિના અજ્ઞાનતાનો અંધકાર દૂર થઈ શકે નહિ કારણ એ વિના અંતરને આવરી લઈ તેને છૂપાવી રાખતો પડદો ભેદી તેઓને છિન્નવિછિન્ન કરી શકાય નહિ અને આત્મા તેના ભવ્ય સ્વરૂપમાં પ્રકાશી શકે નહિ.

**પ્રશ્ન** :- એ પ્રકારો શી રીતે સિદ્ધ થઈ શકે અને તે પ્રાપ્ત થયાં છે એ શા ઉપરથી જોઈ શકાય ?

**ઉત્તર** :- શાશ્વત અને ક્ષણિક વચ્ચેનો તથા સનાતન અને ક્ષણભંગૂર વચ્ચેનો ભેદ પામી શકાય તો એવી વિવેકબુદ્ધિ દેહસન્યાસની પ્રાપ્તિની સૂચક છે. વાણીના સ્વછંદ ઉપરનો તથા ઈન્દ્રિયો અને મન ઉપરનો વિજય મનોસન્યાસની પ્રાપ્તિ સૂચવે છે, વેદાંતિક સિદ્ધાંતો અને વિચારોમાં તરબોળ રહેવું - રત બની રહેવું એ આત્મસન્યાસ છે. આવી જ્ઞાનદાયક અનુભૂતિ બળ પકડતી જાય અને આ ગુણભાવો અને શ્રેયવૃત્તિ તમારામાં દ્રઢ થતાં જાય તો આ સર્વ કક્ષાઓના સંકલિત સંસ્કારોને પરિણામે તમે અંતિમ ધ્યેય - મુક્તિ - સિદ્ધ કરી શકો છો.

**પ્રશ્ન** :- જીવન ઉચિત માર્ગે વ્યતીત થઈ રહ્યું હોય તો એઓમાં વિશેષ ભાગ્યશાળી કોને ગણાવી શકાય ?

**ઉત્તર** :- મધુમક્ષિકાની જેમ શાંતિ અને દિવ્ય આનંદની અનુભૂતિ કરતાં કરતાં જે મધુરસનું પાન કરતો રહે; જે આત્માની દિવ્ય શાંતિરૂપ અમૃતરસનું સતત પાન કરતા રહેવા કૃતનિશ્ચય છે; જે આ વિશ્વને માત્ર એક દ્રશ્ય ગણી તે પ્રત્યે ઉદાસીન રહે છે, તેની ઉપેક્ષા કરે છે એવી વ્યક્તિ ખરેખર ભાગ્યશાળી છે - એનું જીવન શ્રેયસ્કર અને સાર્થક છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! તો મહાનુભાવો જેને, સત્ય, નિત્ય, નિર્મળ અને શાંતિની પ્રાપ્તિ તરીકે ઓળખાવે છે તે શું છે ? એ બધાંની પ્રાપ્તિ શી રીતે થઈ શકે છે ?

**ઉત્તર** :- મેં આગળ કહ્યું એ પ્રમાણે જે દ્રશ્યમાં આસક્ત નથી રહેતો પણ તેની આત્મિક અને

દિવ્ય શાંતિમાં લીન રહે છે - મગ્ન રહે છે તેને સત્ય, નિત્ય અને શાંતિની પ્રાપ્તિ થાય છે. અરે ! એમાંથી એ એક જ પ્રાપ્ત કરે સિદ્ધ કરે તો એટલું જ પૂરતું છે  કારણ એકમાં સર્વનો સમાવેશ થઈ જાય છે.

# ૧૩

# મંત્ર અને જપ

**પ્રશ્ન** :- આ શાંત અવસ્થાની પ્રાપ્તિ અર્થે કોઈ મંત્ર કે જપ ઉપયોગી છે ? હોય તો મહત્ત્વનો એવો કયો મંત્ર છે ?

**ઉત્તર** :- સર્વ પ્રકારના મનુષ્યો માટે મંત્ર અને જપ જરૂરી છે. મંત્રનો અર્થ શું ? મ એટલે મનન અને ત્રા એટલે તારવું - ઉગારવું તે. માટે મંત્ર એટલે એ કે જેનું તમે ધ્યાન ધરો તે તમને તારે - પાર ઉતારે- ઉગારી લે. આ દુન્યવી જીવન જે મૃત્યુ, યાતના અને વિશાદથી સભર ભર્યું છે તેની જાળમાં સપડાતાં મંત્ર તમને બચાવી લે છે. સર્વ મંત્રોમાં પ્રણવ સર્વશ્રેષ્ઠ અને હિતકર છે. સર્વ મંત્રોમાં એ શ્રેષ્ઠ હોઈ એને મંત્ર સમ્રાટ ગણાવીએ તો તે ઉચિત લેખાશે.

**પ્રશ્ન** :- વ્યક્તિ પોતાની દ્રષ્ટિ અનુસાર તેના ઈષ્ટદેવતાના જપ કરે તો હું માનું છું કે એમાં કંઈ ખાટું નથી; કે પછી એ ઈષ્ટ નથી ?

**ઉત્તર** :- તમારા કહેવાનો અર્થ એવો કે માનવી ગમે એવો દુષ્ટ કે મૂર્ખ હોય તો પણ તે પરમાત્માનું આવાહન કરી શકે ! બરાબર છે- એ નામસ્મરણ પ્રણવ સહીત કરવામાં આવે તો એથી અવશ્ય લાભ થશે. જેમ સાગરનું પાણી સૂર્યકિરણની ઉષ્ણતાને લઈ વાદળાં રૂપે આકાશમાં ભેગુ થાય છે અને પછી વર્ષાના રૂપમાં નીચે આવી અનેક ઝરણાં અને નદીઓને માર્ગે ફરી સાગર સુધી પહોંચી તેમાં સમાઈ જાય છે તેમ મૂળ પ્રણવમાંથી પેદા થયેલા સર્વ મંત્રો અને ઉચ્ચારો જપ અને બીજી ધર્મવિધિ દ્વારા પ્રણવમાં જ સમાઈ જાય છે, એટલે કે જેમાંથી તેઓનો ઉદ્‌ભવ થયો તે મૂળસ્વરૂપ સાથે એકરૂપ થઈ જાય છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! કેટલાક કહે છે કે મંત્રોમાં જેમ બીજ - અક્ષરો વધારે તેમ તે વધારે અસરકારક હોય છે. શું એવા મંત્રો, જેમાં ઓછા બીજ - અક્ષરો હોય એવા મંત્રો કરતાં વધારે ઈચ્છનીય ગણવા ?

**ઉત્તર** :- બીજ - અક્ષરોની સંખ્યા ઓછી તેમ ધ્યાનની એકાગ્રતાની શક્યતા ઓછી એવાં મંતવ્ય સાથે હું સંમત નથી. પ્રણવથી પ્રારંભ કરી સાધકો જો પંચાક્ષરી કે અષ્ટાક્ષરી મંત્રોચ્ચાર કરે તો તેઓને એ હિતકારક નીવડશે. આમ થોડો સમય કર્યા બાદ ધ્વનિમાં મૂર્તરૂપ થતાં સ્વરૂપનું એકચિત્તે ધ્યાન ધરે અને એમ મંત્રનું દેવતામાં રૂપાંતર કરી અંતે શબ્દોચ્ચારનો ત્યાગ પણ કરી શકે છે. એટલે જ શ્રુતિમાં કહ્યું છે : નિશ્શબ્દો બ્રહ્મ ઉચ્ચતે–બ્રહ્મ છે શબ્દનો અભાવ - શાંતિ.

**પ્રશ્ન** :- આપણે ધ્વનિવિહીન વાતાવરણ – નિઃશબ્દતા - શી રીતે સર્જી શકીએ ! અને તે બ્રહ્મ શી રીતે ગણાય ?

**ઉત્તર** :- શ્રુતિ કહે છે કે આ પાર્થિવ જગત - પ્રકૃતિ - માયારૂપ છે. તે એમ પણ કહે છે કે જેણે આ

માયા ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે તે ઈશ્વર છે, માટે આ સર્વ સર્જનસૃષ્ટિ ઉપર મનનું પ્રભુત્વ સ્થાપો અને તમે ખૂદ ઈશ્વર બની રહેશો. તમને જ્યારે એવી પ્રતીતિ થાય કે પાર્થિવ જગત, સ્થૂળ જગત જેવું - કશું છે જ નહિ ત્યારે તમે બ્રહ્મસિદ્ધિની કક્ષાએ પહોંચ્યા છે એમ કહી શકાય. એટલું નિશ્ચિત છે કે જ્યાં સુધી તમને દુન્યવી જગતનું અસ્તિત્વ રહ્યું નથી એમ ન થાય ત્યાં સુધી તમે બ્રહ્મપ્રાપ્તિ સિદ્ધ કરી શકો નહિ. જેમ સાપ કાંચળી ઉતારી નવી ધારણ કરે તેમ સાધક સમૂળ પરિવર્તન સાધી જે મંત્રનું તે એકાગ્રતાથી ધ્યાન કરતો હોય તેમાં આવીષ્કાર પામતા દેવતાનું સ્વરૂપ ધારણ કરે છે.

**પ્રશ્ન** : - ક્ષમા સ્વામીજી ! હું આ સ્પષ્ટ સમજી શક્યો નથી. કૃપા કરી થોડાં દ્રષ્ટાંતો સહિત સરળતાથી સમજાવશો ?

**ઉત્તર** :- તમે ઈંડું જોયું છે ખરૂં ને ? જ્યારે પક્ષી અમુક સમય સુધી ઈંડું સેવે છે, ત્યારે અંદરનો જીવાત્મા એટલે બચ્ચું વિકાસ પામતું જાય છે અને તે વિકાસ પૂર્ણ થઈ રહે ત્યારે ઈંડાંનું કવચ તૂટી જાય છે અને એ જીવાત્મા એના સાચાં સ્વરૂપમાં બહાર આવે છે. એ જ રીતે સાધક જ્યારે શુદ્ધ બુદ્ધિપૂર્વક મંત્રનું અને તેના મર્મનું ધ્યાન ધરે છે અને નિરંતર તેના માહાત્મ્ય વિષે મનન કરે છે ત્યારે તેની આંતરદ્રષ્ટિ અવિરત વિકાસ પામતી જાય છે - અજ્ઞાનતાનું કવચ તૂટીફૂટી જાય છે અને એનો ચૈતન્યભાવ જે દિવ્યરૂપ ધારણ કરી રહ્યો હોય છે તે વડે તેનું વ્યક્તિત્વ પ્રકાશી ઊઠે છે.

**પ્રશ્ન** :- એમ કહેવાય છે કે સર્વ કાંઈ પ્રણવમાંથી ઉદભવે છે અને પ્રણવમાં જ વિલીન થઈ જાય છે. જે જ્ઞાની મહાત્માઓ એમ કહે છે એઓ જ એવું શા માટે કહેતા હોય છે કે કેટલાકને એના ઉચ્ચાર - ઘોષનો અધિકાર છે અને બીજાને નથી ?

**ઉત્તર** : -પ્રકૃતિ પંચતત્ત્વોનો સમન્વય છે કે બીજું કંઈ ? પ્રણવ એ સર્વતત્ત્વોના પ્રાણરૂપ છે અને એટલે તે પ્રકૃતિનું પ્રાણતત્ત્વ છે. પહાડની ટોચ ઉપરથી વહેતાં પાણીનો ઘૂઘવાટ અને સમુદ્રકિનારાની ભેખડને અથડાતાં મેજાંનો અવાજ પ્રણવનો જ પડઘો છે.શ્વાસોચ્છવાસનો ધ્વનિ પ્રણવ જ છે ને ? જે માણસો વજનદાર લાકડું ખભે ઉપાડતાં " આ હો " કરતા હોય, મોટું વજન ઉપાડતાં જે સાહજિક ' આહ ' નીકળી જાય, નદી કિનારે કપડાં ઉપર ધોકો વીંઝતાં જે - હેઅ, હેઅ -જેવો અવાજ કરતાં હોય છે તેઓ સૌ જાણતાં કે અજાણતાં પ્રણવનો જ પુનરોચ્ચાર કરી રહ્યાં હોય છે. એના અંતરતમ રહસ્યના જ્ઞાન સહિત એનો ઘોષ કરતા રહેશો તો આ સંસારની ચિંતાથી તમે સત્વર મુક્ત થઈ જશો, શ્વાસોચ્છવાસમાં રહેલો પ્રણવ પણ દુઃખમુક્ત કરનારો છે. અમુક લોકોને જ પ્રણવોચ્ચારનો અધિકાર છે અને બીજાઓને નથી એવી દલીલ અર્થહીન છે. જેઓ શ્વાસ લેતા નથી તેઓને એનો ઘોષ કરવાનો અધિકાર ન હોય એ સમજી શકાય એવી વાત છે પણ જેઓ શ્વાસ લે છે અને મૂકે છે એઓ તો પ્રણવઘોષ કરી જ રહ્યા છે અને કોઈને માટે પણ એ નિષેધરૂપ ગણાવવાનો અર્થ જ રહેતો નથી. જીવનની અંતિમ ક્ષણે પરમાત્માનું સ્મરણ થઈ શકે એ માટે શું કરવું એમ અર્જુને શ્રીકૃષ્ણને પૂછયું ત્યારે તેમણે જે ઉત્તર આપ્યો એ તમે નથી જાણતા ? તેમણે કહ્યું હતું કે એ ક્ષણે માનવીએ પ્રણવનું ધ્યાન કરવું કે જે પરમતત્ત્વથી ભિન્ન નથી. તેમણે કહ્યું કે એવો ભક્ત ઉત્કૃષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરશે. માટે પ્રત્યેક

વ્યક્તિને આ મંત્ર – પ્રણવમંત્ર અપનાવવાનો અધિકાર છે.

**પ્રશ્ન** :- પ્રણવની ઉપાસના વડે ધ્યેય શી રીતે સિદ્ધ થઈ શકે ? માનવી જેનું ધ્યાન ધરી રહ્યો હોય તે તત્ત્વમાં એનું રૂપાંતર શી રીતે થઈ શકે ? કૃપા કરી આ અનન્ય મંત્ર અને તેની ઉપયોગિતા વિષે સાદાં દ્રષ્ટાંતોની સહાયથી મને એ વિસ્તારપૂર્વક સમજાવો.

**ઉત્તર** :- સારું, પ્રણવ ધનુષ્ય છે; આત્મા તીર (બાણ) છે અને પરબ્રહ્મ લક્ષ્ય છે. માટે બાણાવળીની જેમ સાધકે મનને ઉશ્કેરી મૂકતી વાતોથી અલિપ્ત રહેવું જોઈએ. તેણે લક્ષ્ય ઉપર એકાગ્રતાથી ધ્યાન આપવું જોઈએ. અને એમ થતાં બાણાવળી લક્ષ્યમય બની જાય છે -એને માટે વિશ્વમાં બીજા કશાનું અસ્તિત્ત્વ જ નથી રહેતું અને એમ તે ધ્યાનના વિષયમાં - લક્ષ્યમાં રૂપાંતર પામે છે. હવે સમજાયું ? કેવલ્યોપનિષદમાં, મુંડકોષપનિષદમાં અને શ્રુતિના કેટલાક વિભાગોમાં ‘ પ્રણવ’નું માહાત્મ્ય ઘણી રીતે સમજાવવામાં આવ્યું છે. આથી માનવી માટે મુક્તિ - મોક્ષદાયક આ મંત્રનું ધ્યાન ધરી શકે છે અને તેનું ગાન પણ કરી શકે છે.

# ૧૪

# તપસ

**પ્રશ્ન** :– આપ કહો છો તેમ માનવી આ પંચતત્ત્વના બનેલા દેહ વડે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી પ્રણવમાં વિલીન થઈ શકે ખરો ? આત્માને દેહથી અલિપ્ત કરી શકાય ખરો ? અને કરી શકાય તો શી રીતે ?

**ઉત્તર** :- માનવી ધ્યાન અને બીજી સાધના દ્વારા, પ્રણવ મંત્રના ઉદઘોષ દ્વારા આત્મસંશોધન કરી તેને દેહથી વિરક્ત કરી શકે છે. એ પ્રક્રિયા દહીંમાંથી નવનીત, તલમાંથી તેલ, જમીનમાંથી પાણી કે કાષ્ટમાંથી અગ્નિ, પ્રકટાવવા જેવી જ છે. વલોવવું, નીચોડવું, ખાંડવું, આરપાર કોતરી આપવું, ફેરવી દેવું - એવું જ કંઈક આ પણ છે. જે પરિણામ આવે છે તે દેહથી આત્માની વિભક્તિ અને દેહ આત્મરૂપ છે, દેહ મારું રૂપ છે એવી માન્યતાનો સંપૂર્ણ વિચ્છેદ.

**પ્રશ્ન** :- સ્વામીજી ! ઘણા સંતો કહે છે કે આપણે જીવાત્માને પરમાત્મા તરીકે જોવો જોઈએ; એ ભાવના અને એવી પ્રતીતિ આપણે કેળવવી જોઈએ. એ શી રીતે શક્ય બની શકે ?

**ઉત્તર** :– એ મુશ્કેલ છે એવું તમે શાથી માનો છો ? અસત્ય બોલવા કરતાં સત્ય બોલવું વધારે સહેલું નથી ? અત્યારે તમે અસત્યને સત્ય ગણાવી રહ્યા છો અને એથી અનેક પ્રકારની મુશ્કેલીનો અનુભવ થઈ રહ્યો છે. જીવાત્મા અને પરમાત્મા એકરૂપ જ છે એ સત્યનો સ્વીકાર કરી લેશો તો બધું સહેલું અને સરળ થઈ જશે. પ્રથમ આત્માને ઓળખો- જીવાત્મા કે જેને દેહ સાથે કશો સંબંધ નથી. ધ્યાન દ્વારા એ થઈ શકે. જેમ પૂષ્પોમાંથી સુગંધ ખેંચી લેવામાં આવે છે; શેરડીમાંથી સાકર અને માટીમાંથી સુવર્ણ જુદાં કરવામાં આવે છે તેમ સ્થૂળ દેહમાંથી આત્માને જુદો પાડી આત્મજ્ઞાન સિદ્ધ કરો. બાદ નિદિધ્યાસન વગેરે તથા લક્ષ્યવેધક ધ્યાન અને મનન દ્વારા તમે જીવાત્મા અને પરમાત્મા એકરૂપ જ છે એ જોઈ શકશો. તપશ્ચર્યાની એ ઉત્કૃષ્ટ સિદ્ધિ છે કે જેને નિર્વાણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! તપ ખરેખર શું છે ?

**ઉત્તર** :–તપ એટલે ઈન્દ્રિયોના વ્યાપારનો અંત; માનવીએ એ સર્વ ઉપર પ્રભુત્વ મેળવવું જ જોઈએ. કામના કે તૃષ્ણાનો અંશ પણ રહેવો ન જોઈએ. બ્રહ્મપ્રાપ્તિની સાધના અને તેની અવિરત ઝંખના તપશ્ચર્યાના ગુણધર્મ છે, અને તે મિતાહાર અને અલ્પપ્રમાણ નિદ્રામાં વ્યક્ત થવા જોઈએ. તપ એ સિદ્ધિની ઉત્કંઠા, સિદ્ધિ માટેની તમન્નાનું સૂચક છે. અને એવું તપ સાત્ત્વિક ગણાય છે.

**પ્રશ્ન** :- તો રાજસિક તપ શું છે ?

**ઉત્તર** :- જેઓ ઈન્દ્રિયોને વશ કર્યા વિના, આવેશમુક્ત થયા વિના માત્ર શરીરને ભૂખની પીડાનો ભોગ બનાવી નિર્બળ, શક્તિહીન બનાવી મૂકે છે તે રાજસિક તપ કરી રહ્યા છે એમ કહેવાય. તેઓ નથી તો આત્મતત્ત્વનો અભ્યાસ કરતા કે નથી એનું ધ્યાન ધરતા. તેઓ શારીરિક તપશ્ચર્યા ઉપર ભાર મૂકતા હોય છે.

**પ્રશ્ન** :- તો પછી તામસિક તપ પણ હશે જ ?

**ઉત્તર** :- હા, છે. પ્રભુની કૃપા પ્રાપ્ત કરવા તેની ભક્તિ કરવી અને એ કૃપા મળતાં તેને સાધનરૂપ બનાવી વિશ્વને લૂંટવાની કામના સેવવી, એ તામસિક તપ છે. જેનો હેતુ પરમાત્માની પ્રાપ્તિ, બ્રહ્મસિદ્ધિ કે પરમજ્ઞાનની સિદ્ધિ છે એ જ સાચું તપ છે. શાસ્ત્રોમાં એ પ્રકારની તપશ્ચર્યાને જ અનુમોદન આપવામાં આવ્યું છે. બાકીના બધાં જ તપ કહેવાતા સાધકને અવળે માર્ગે દોરી જઈ, મૂળ ધ્યેયથી દૂર ને દૂર જ રાખશે. શાસ્ત્રમાન્ય તપને જ તપ કહી શકાય. બાકી સર્વ તમસ્ (આવેશ) છે - તપ નહિ. તપ એટલે ઉષ્ણતા. એ અગ્નિમાં સર્વ પાપ અને કર્મ બળીને ભસ્મ થઈ જાય છે.

**પ્રશ્ન** :– શાસ્ત્રો કહે છે કે ઋષિમુનીઓ પાસે તેઓના આશ્રમમાં ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામધેનુ જેવી ચીજો હતી કે જે તેઓ જે કંઈ ઈચ્છા કરે તે પરિપૂર્ણ કરી આપતી. એમણે તપ કરવું જ શા માટે ? કૃપા કરી મને એ સ્પષ્ટપણે સમજાવો.

**ઉત્તર** :- એ વિષે પૂરો વિચાર કરો. એમ કરશો તો સમજાશે કે ચિંતામણિ જેવું કોઈ રત્ન ન્હોતું, કલ્પવૃક્ષ જેવું કોઈ વૃક્ષ ન્હોતું અને કામધેનુ જેવી કોઈ ગાય નહોતી. એ સર્વ તપશ્ચર્યાના ફળની - પરિણામની સંજ્ઞાઓ છે. એ એવી શક્તિનો નિર્દેશ કરે છે કે જે તપસ્વીને આપોઆપ પ્રાપ્ત થાય છે. તે જે કંઈ ઈચ્છે છે તે ફળિભૂત થાય છે, ત્યારે તે કલ્પવૃક્ષસિદ્ધિ ગણાય છે. જ્યારે એ સર્વ કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે તે કામધેનુસિદ્ધિ કહેવાય છે. ચિંતામણિ સિદ્ધિ શું છે ? જ્યારે કશીજ ચિંતા કે મનનો ઉદ્વેગ ન રહે, મનના આવેશ અને ઉશ્કેરાટ સમી ગયા હોય તે અવસ્થા. જ્યારે ચિંતાનો અંત આવે અને ઉત્કૃષ્ટ આનંદની અનુભૂતિ થઈ રહે તે છે ચિંતામણિસિદ્ધિ. વિચાર, વાણી અને કાર્યમાં ચિંતાનો અંશ પણ રહેવો ન જોઈએ, એનું જ નામ ચિંતામણિસિદ્ધિ.

**પ્રશ્ન** :- માનસિક તપશ્ચર્યા વિષે પણ ઘણા કહે છે. એના શો અર્થ થાય ?

**ઉત્તર** :- વાણી ઉપર કાબુ રાખો; પવિત્ર ભાવના કેળવો, નમ્રતાથી વર્તો અને તમારા વિચારો હંમેશાં બ્રહ્મતત્ત્વમાં જોડી રાખો. આ રીતે તમે માનસિક તપશ્ચર્યા કરી રહ્યા છો એમ કહેવાય.

**પ્રશ્ન** :– અને શારીરિક તપશ્ચર્યા ?

**ઉત્તર** :– એ પણ એની રીતે ઈષ્ટ જ છે. વડીલો આધ્યાત્મિક ગુરુઓ, સાધુસંતો અને પરમાત્મા પ્રત્યેનો ભક્તિભાવ - પૂજ્યભાવ, વગેરે પવિત્રતાનું વાતારણ નિર્માણ કરે છે. અહિંસા, સર્વ જીવાત્માઓ પ્રત્યેની સહાનુભૂતિ, નિખાલસતા એ સર્વ શરીર સૌષ્ઠવ, સ્વાસ્થ્ય અને આરોગ્ય પ્રેરિત

પ્રફુલ્લતા વધારે છે. માનસિક તપ મનની પવિત્રતા, વાણી ઉપરનો કાબુ કે વાણીનું તપ, વાણીની પવિત્રતા એમ ત્રણેને પ્રતાપે કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવી અમૂલ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ બધી સિદ્ધિઓ છે - માત્ર ગાય, વૃક્ષ ને ઘરેણાં નહિ.

**પ્રશ્ન** :- તપશ્ચર્યાના સાર્થક્યને પરિણામે જેણે બ્રહ્મતત્ત્વ અને ધર્મતત્ત્વ સિદ્ધ કર્યા હોય એવા તપસ્વીઓ છે ખરા ? તેઓ કોણ છે તે કૃપા કરીને કહો.

**ઉત્તર** :- કપિલમહામુનીએ બ્રહ્મતત્ત્વ અને જૈમિની મહામુનીએ ધર્મતત્ત્વ સિદ્ધ કર્યું, નારદ બ્રહ્મર્ષિ થયા, ભગીરથે ગંગાઉતરણ સિદ્ધ કર્યું, ગૌતમ ગોદાવરીને પૃથ્વી પર લોકમાતા બની વહેતાં રહેવાનું સમજાવી શક્યા, વાલ્મિકીને રામમંત્રનું જ્ઞાન થયું અને તે રામાયણનું સર્જન કરી શક્યા, ગાર્ગીએ બ્રહ્મચર્ય અને સુલભાએ આધ્યાત્મિક જ્ઞાન સિદ્ધ કર્યું – એ સર્વ માત્ર તપોબળને પરિણામે. એક પછી એક દ્રષ્ટાંત આપ્યે જવાનો શો અર્થ ! અરે, તપને પરિણામે તો ખૂદ બ્રહ્મ અને રુદ્ર પણ એકમેકના સહાયક અને સહભાગી થાય છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! આ ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચવા ઉચ્ચ વર્ણમાં જન્મ મળવો જરૂરી છે એવું આપનું કહેવું છે ? કે પછી ઉચ્ચ કોટીની સાધના પર્યાપ્ત નીવડી શકે ?

**ઉત્તર** :- ચારિત્ર્ય વિનાનો વર્ણ અર્થહીન છે. એ માત્ર એક નામનું પાટિયું છે. ચારિત્ર્યરૂપ પાયા વિનાની સાધના અંધ માનવીના પ્રવાસ જેવી છે. નીતિ, સદાચાર (સદગુણ), ચારિત્ર્ય એ અત્યંત મહત્વના છે. એ સર્વને પાયાનું મહત્વનું આપી પોતે પસંદ કરેલા માર્ગે નિયમાનુસાર સાધના થાય તો સફળતા અવશ્ય મળશે. પણ એક સાવચેતી રાખવાની ખાસ આવશ્યક્તા છે. જ્ઞાતિ કે જન્મનું મહત્ત્વ નથી એમ ગણી પ્રમાદમાં સરી ન પડાય એ જોવું જોઈએ. જ્ઞાતિ અનુસાર પણ નીતિ અને નૈતિક ધોરણાની પ્રાપ્તિ થાય છે, અને માટે તેના ઉત્તેજન અર્થે જ્ઞાતિ વિષે સજાગ રહેવું એ મહત્ત્વનું અને મદદરૂપ થઈ પડે છે, પણ પૂર્વજન્મોના સંચિત પૂણ્યો અને ગુણભાવોને પરિણામે માનવીને દયા અને સદભાવરૂપ મૂલ્યવાન સિદ્ધિ પ્રાપ્ત થઈ ચૂકી હોય તો જ્ઞાતિનું વિશેષ મહત્ત્વ ગણવાનું રહેતું નથી. જેઓએ પૂર્વજન્મમાં યોગસાધના કરેલી હોય અને તે સંપૂર્ણ થવા ન પામી હોય એવી વ્યક્તિઓમાં જ આ પ્રકારની ભવ્યતા દ્રષ્ટિગોચર થશે. મહત્ત્વની વાત એ છે કે જ્ઞાતિ માટે જે નીતિ ઠરાવવામાં આવી હોય તે આપણી રગરગમાં સમાવી લેવી, જ્ઞાતિમાં એ નીતિના સંસ્કાર ફેલાવવા અને એ રીતે તમારું વ્યક્તિત્વ ઉજ્જવળ અને સમૃદ્ધ બનાવી જીવનમાં ઉત્કૃષ્ટ સ્થાનના અધિકારી બનવાની યોગ્યતા પ્રાપ્ત કરવી. સાધના અને અધ્યાત્મના માર્ગે થોડે સુધી જ્ઞાતિ અને નીતિનાં સહાય અને સથવારો રહેશે અને એ બંને દ્વારા ગુણોનું ઉર્ધ્વિકરણ થશે.

**પ્રશ્ન** :- એનો અર્થ એવો કે પૂર્વજન્મની સિદ્ધિને પરિણામે પરમતત્ત્વ પ્રાપ્ત કરનારાઓ થોડા તે હશે જ. કૃપા કરી એમના દ્રષ્ટાંતો આપશો ?

**ઉત્તર** :- ભલા માણસ, તારે નદીનું મૂળ કે ઋષિનું કુળ શોધી કાઢવાની ઈચ્છા કરવી ન જોઈએ. એ

સાવ સામાન્ય પ્રકારના હોય એ સંભવિત છે, તેઓની સેવા અને સિદ્ધિમાં જ તમારે સંતોષ જોવો જોઈએ. જે મૂલ્યવાન છે તે છે તેઓનો અનુભવ – તેઓનું જીવન. એમાંથી પ્રેરણા મેળવો અને એઓના જેવી સાધના અને યત્નો પ્રતિ વળો. તમે જો મૂળની શોધમાં નીકળી પડશો તો જે મહત્ત્વનું છે એ ધર્મસ્થાન વીસરી જશો. છતાં તમે પ્રશ્ન કર્યો જ છે તે હું કહીશ. વ્યાસમુનિ માછીમારને ત્યાં જન્મ્યા હતા; સૌનક સુનક જાતિના હતા, અગત્સ્યનો જન્મ ઘડામાં થયો હતો, વિશ્વામિત્ર ક્ષત્રિય હતા, સૂત શુદ્ર જ્ઞાતિમાં જન્મ્યા હતા. એ ઉપરાંત આપણી પાસે સદાચારી અને ધર્મનિષ્ઠ એવા અનેક મહાત્માઓના દાખલા છે કે જેઓની દ્રષ્ટિ હમેશાં જ્ઞાતિ અને નીતિના ઉચ્ચ ધોરણો ઉપર રહેતી અને જેઓ સર્વસ્વનો ત્યાગ કરી પોતાની જાતને જન્મમરણના બંધનમાંથી અને મોહથી ઉગારી લેવાની ભાવના સાથે મુક્તિ કે નિર્વાણના આદર્શને દ્રઢપણે વળગી રહ્યા હતા : સંજય, સત્યકામ અને એવા અનેક. પ્રિય બંધુ ! સ્વયત્ન, વિવેક અને તપ માનવીને ઉત્કૃષ્ટ સ્થાન અપાવે છે. આંતરિક પવિત્રતા નહિ હોય તો ગમે એવી ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ્યા છતાં પણ ઉત્કૃષ્ટ ધ્યેય સિદ્ધ કરી શકાવાનું નથી.સુવર્ણમાં હલકી ધાતુ - ત્રાંબુ ઉમેરવામાં આવે તો એનું મૂલ્ય ઓછું થશે. જેમ શુદ્ધ સુવર્ણ ત્રાંબાના સંપર્કમાં આવવાથી ઉતરતી કક્ષાની ધાતુમાં પલટાઈ જાય છે તેવું આ સંસારમાં જે સર્વવ્યાપ્ત વિરાટરૂપ છે તેમાં ક્ષુલ્લક અહમભાવ ભળવાથી થાય છે. વિરાટરૂપ જીવીમાં પરિવર્તન પામે છે. હવે સાચું સુર્વણતત્ત્વ પાછું મેળવવા શું કરવું ? તપ અને વ્રત દ્વારા, બુદ્ધિનાં શુદ્ધિ અને સંસ્કાર દ્વારા મૂળ અવસ્થા પુનઃ પ્રાપ્ત કરવાની રહે છે. કાદવમાં ચાલી આવ્યા પછી આપણે પગ ધોઈએ છીએ; એમ સ્થૂળ તત્ત્વોની આસક્તિરૂપ કાદવ - કીચડ વડે મલિન એવાં મનને ધોઈ સ્વરછ કરવાનું છે. જ્ઞાન જ માત્ર આસક્તિના બીજને બાળી શકે છે કે પરિણામે તેમાંથી ફરી અંકુર ન ફૂટે. આમ, માનવી જ્ઞાન વડે સમૃદ્ધ હોય તો તે સહેલાઈથી મુક્ત થઈ શકે છે.

# ૧૫

# અષ્ટાંગ યોગ

**પ્રશ્ન** :- જન્મમરણથી છૂટવા માટે યોગ મહત્ત્વનો છે એમ વડીલો અને અનુભવી વૃદ્ધો કહે છે. એઓ જે યોગની વાત કરે છે તે કયો ?

**ઉત્તર** :- યોગશાસ્ત્ર કહે છે કે માનસિક આવેશ અને ઉશ્કેરાટના વમળમાંથી મુક્ત થઈ મનને શુદ્ધ કરવા અમુક આસનો ઉપયોગી છે. તેમ જ શ્રદ્ધા દ્રઢિભૂત કરવા, જ્ઞાન પ્રાપ્ત કરવા અને માનવીમાં રહેલી ગુપ્ત કુંડલિની શક્તિ જાગૃત કરવા પણ તેનો યથાર્થ ઉપયોગ કરવાનો હોય છે.

**પ્રશ્ન** :- એમ કહેવાય છે કે યોગના પ્રકારો અને પૂરક રૂપો પણ છે. એ કેટલાં છે અને તેઓ કયાં કયાં નામે ઓળખાય છે.

**ઉત્તર** :- હકીકતમાં તે અષ્ટાંગ - આઠ છે – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ.

**પ્રશ્ન** :- મુક્તિની પ્રાપ્તિ માટે આ સર્વની પૂર્ણ સિદ્ધિ આવશ્યક છે કે પછી એમાંના એકાદ વડે કામ થઈ જાય ?

**ઉત્તર** :– પહેલા બે - યન અને નિયમ સંપૂર્ણપણે સિદ્ધ થઈ શકે તે મુક્તિની પ્રાપ્તિ શક્ય બની શકે. અરે ! યમ અને નિયમ એ બે, સમગ્ર સૃષ્ટિનું અવલંબન છે.

**પ્રશ્ન** :- આપણે યોગની વાત કરીએ છીએ તે આ અષ્ટાંગ યોગ જ છે કે બીજા પણ યોગમાર્ગો છે ?

**ઉત્તર** :- યોગ આ એક જ નથી – ચાર છે.

**પ્રશ્ન** :- એ કયા કયા ? એઓના નામ શું ?

**ઉત્તર** :- સામાન્ય પ્રચલિત નામો છે મંત્રયોગ, રાજયોગ, લયયોગ અને હઠયોગ.

**પ્રશ્ન** :- આ ચારેના પૂરક પ્રકારો કોઈ છે ખરા ?

**ઉત્તર** :- અરે મુરખ ! અબજો માનવીઓને દ્રષ્ટિ આપનાર સાધન બે આંખો જ છે, ખરું ને ? એમ જ સર્વ પ્રકારના યોગ માટે યમ અને નિયમ એ ચક્ષુ સમાન છે. એઓ સિવાય કશું જ જોઈ શકાતું નથી. પ્રત્યેક યોગી માટે મનની પવિત્રતા આવશ્યક છે અને એ માટે યમ અને નિયમ અનિવાર્ય છે.

**પ્રશ્ન** :- યમ અને નિયમ એટલે શું ? એમના પણ અંગો કે પૂરક તત્ત્વો કે એમને ઓળખવાના

વિશિષ્ટ લક્ષણો છે ખરાં ?

**ઉત્તર** :- અવશ્ય. દરેકને એવાં દશ અંગો છે. એ સર્વમાં તમે સ્વયંસિદ્ધ બનો ત્યારે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન** :- ' યમ'ના દશ અંગો વિષે મને કહેશો ?

**ઉત્તર** :- અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા, આર્જવતા, ક્ષમા, ધૃતિ, મિતાહાર, શુચ આ દશ યમમાં આવે છે.

**પ્રશ્ન** :- હવે ' નિયમ'ના દશ અંગો વિષે જાણી શકું ?

**ઉત્તર** :- તપ, સંતોષ, આસ્થિકબુદ્ધિ, દાન, ઈશ્વર પૂજા, વેદાંતવાક્યશ્રવણ, લજ્જા, મતિ, જપ, વ્રત – આ દશનો થાય છે ' નિયમ '.

**પ્રશ્ન :-** આપે કહ્યું કે યોગમાં આસનની પણ અનિવાર્ય આવશ્યક્તા છે. એનો ખરેખર શું અર્થ થાય ?

**ઉત્તર** :- તે આત્મજ્ઞાની અને યોગી માટે ઘણી ઉપયોગી એવી સહાયક દિનચર્યા છે.

**પ્રશ્ન** :- આસનના પણ વિવિધ પ્રકારો હશે ?

**ઉત્તર** :- હા, ઘણા છે. પણ એમાં મુખ્ય છે સિદ્ધાસન, બદ્ધપદ્માસન, સર્વાંગાસન, એ સિવાય બીજાં આસનો છે જેવાં કે મયુર અને પશ્ચિમોતાસન.

**પ્રશ્ન** :- આ આસનોથી શા શા લાભ થાય છે ?

**ઉત્તર** :-તે શરીરને બળવત્તર બનાવે છે અને મનને લાંબી એકાગ્રતાની શક્તિ આપે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! મને પ્રાણાયામ વિષે પણ કહો. પ્રાણાયામના કેટલા પ્રકારો છે.

**ઉત્તર** :- એના અનેક પ્રકારો છે પણ આ વર્તમાન જગતમાં ઘણાને અમલ કરવાનું અશક્ય હોઇ, જે 'ધ્યાન'માં સહાયભૂત થાય એવા જ અપનાવવાના રહે છે. તે લઘુ - પ્રાણાયામ એટલે કે શ્વાસોચ્છવાસના સંયમની સાદી પ્રક્રિયા.

**પ્રશ્ન** :- સાદી પ્રક્રિયા ? એ શી રીતે લાભકારક છે ?

**ઉત્તર** :- જેમ ધાતુને ઓગાળી શુદ્ધ કરી શકાય છે તેમ કર્મનો ભાર પ્રાણાયામથી દૂર કરી છે અને મનને જે અશુદ્ધિનો સ્પર્શ થયો હોય છે તે ભૂંસી શકાય છે. એ સાથે કાયાશુદ્ધિ પણ થાય છે. આમ દેહ અને મન બન્નેનું શુદ્ધીકરણ થઈ શકે છે. પ્રાણાયામ બે પ્રકારના છે : એક મંત્ર સાથે અને બીજો મંત્ર વિના

કરવાનો. મંત્ર વિના એ દેહનું રૂપાંતર કરી શકે પણ મંત્ર સહિત એ દેહ અને મનનું પણ પરિવર્તન શક્ય બનાવે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એનો શી રીતે અમલ કરવો ?

**ઉત્તર** :- બે સેકન્ડનો પૂરક, ચાર સેકન્ડનો રેચક અને આઠ સેકન્ડ લાંબો એ કુંભક એ ક્રમમાં. ત્રણ માસ સુધી પ્રાણાયામ કાળજીપૂર્વક કર્યા બાદ પૂરક, રેચક અને કુંભકનો સમય વધારીને બમણો કરી શકાય. સતત છ માસના અભ્યાસ *(Practice)* પછી ઇન્દ્રિયોની ક્રિયાશીલતા ધીમી પડતી જશે. શ્રદ્ધા અને ભાવનાથી પ્રાણાયામ કરવામાં આવે તો એથી મનના આવેશોને શાંત પાડી શકાશે. એ સિવાય એ માત્ર અંગ કસરત જ રહેશે અને ફક્ત શરીરસૌષ્ઠવ વધારવામાં સહાયરૂપ થશે. શુદ્ધ ખોરાક, બ્રહ્મચર્ય, એકાંતવાસ, મિતભાષીતા - એ નિયમોનું પણ કડક પાલન કરવાનું રહે છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એ પછી આપે પ્રત્યાહાર ગણાવ્યો. પ્રત્યાહારની કેટલી રીતો છે ?

**ઉત્તર** :- ત્રણ : સાકાર, નિરાકાર અને આત્મભાવ. કયા હેતુ માટે ઈન્દ્રિયોનો સંયમ અને મનની એકાગ્રતા કેળવવાના છે તે ઉપર એનો આધાર છે. જો એ સગુણ ઉપાસના માટે હોય તો સાકાર, નિર્ગુણ ઉપાસના માટે નિરાકાર અને સત્ય, જ્ઞાન, અનંત એવાં પરમાત્મ તત્ત્વ માટે હોય તો આત્મભાવ.

**પ્રશ્ન** :- અને ધારણા, સ્વામીજી ? એનો અર્થ શું અને એના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર** :- અરે ભાઈ ! ધારણા એક જ છે. એના તે પ્રકાર હોય ! પેતાના ઈષ્ટદેવતા કે ચૈતન્ય - બ્રહ્મના વિચારમાં જ્ઞાની માણસ પૃથ્વી ઉપરના પર્વતની જેમ દ્રઢ - અચલ બની રહે એનું નામ છે ધારણા.

**પ્રશ્ન** :- એ પછી આપે ' ધ્યાન ' ગણાવ્યું હતું, એના તો ઘણા પ્રકારો હશે ?

**ઉત્તર** :- ના ના, એ પણ એક અને એક સ્વરૂપ જ છે. એ સાકારનું હોય કે નિરાકારનું હોય પણ જો તે સ્હેજ પણ ચલિત ન હોય અને સંપૂર્ણ એકાગ્ર હોય તો જ તેને ધ્યાન કહી શકાય.

**પ્રશ્ન** :- અંતમાં સમાધિ આવે છે. એનો શો અર્થ થાય ?

**ઉત્તર** :- સમાધિ એટલે સર્વ વૃત્તિઓ અને આવેશોથી મનને મુક્ત કરી તેને પ્રભુના ધ્યાનમાં કે પોતાના સત્યસ્વરૂપમાં સ્થિર કરવું તે. વ્યક્તિ પોતાના સાચાં સ્વરૂપમાં રમમાણ હોય તે અવસ્થાનો એ નિર્દેશ કરે છે. સમાધિ ત્યારે કહેવાય કે જ્યારે વ્યક્તિ સર્વ પ્રકારના દ્વન્દ્વોથી- દ્વૈતભાવથી મુક્ત હોય. એમાં મન દ્વિધાથી મુક્ત થઈ સ્થિર બની રહેશે અને જ્યાં પવન નથી એવા ઓરડામાં ચેતાવેલી સ્થિર જ્યોતની જેમ પ્રકાશી રહેશે. એ નિશ્ચલ, દ્રઢ અને અડગ છે.

**પ્રશ્ન** :- સ્વામીજી ! એવું મન શી રીતે વર્તશે. કૃપા કરી થોડાં દ્રષ્ટાંતો આપી સ્પષ્ટ સમજાવો.

**ઉત્તર** :- ભલા માણસ ! જ્યારે તમારે સોયમાં દોરો પરોવવો હોય ત્યારે તમારે એ ક્રિયામાં

નિશ્ચયપૂર્વક પ્રવૃત્ત થવું પડે છે કે નહિ ? સૂતરનો છેડો બરાબર સીધો અને અણીદાર છે એ જોવું પડે છે કે નહિ ? એમ જ પ્રભુની કૃપાદ્રષ્ટિ કે જે ચૈતન્યથી પણ વધારે ચૈતન્ય સ્વરૂપ છે તેમાં પ્રવેશ કરવા મનને સ્થિર રાખી આંખ અને ઈન્દ્રિયોને એ એક જ પ્રક્રિયામાં એકાગ્ર કરવાનાં હોય છે.

